dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 258 | AD - 2024, Jeth Sud - 14 | Friday, Dt.21-06-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને લઠ્ઠાકાંડની તપાસ સીબીઆઈને સોંપી

## તમિલનાડુમાં લઠ્ઠાકાંડ : ઝેરી દારૂ પીવાથી ૩૪ના મોત

(એ.આર.એલ),ચેન્નાઈ,તા.૨૦

તમિલનાડુના કલ્લાકુરિચી જિલ્લામાં કથિત રીતે ઝેરી દારૂ પીવાથી ૩૪થી વધુ લોકોના મોત થયા છે અને ૬૦થી વધુ લોકો હોસ્પિટલમાં દાખલ છે. કલ્લાકુરિચી જિલ્લાના કલેક્ટર એમએસ પ્રશાંતે પુષ્ટિ કરી છે. મૃતકોની સંખ્યા વધી શકે છે. કલ્લાકુરિચી જિલ્લા કલેક્ટર એમએસ પ્રશાંતે જિલ્લાની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર હેઠળના પીડિતો સાથે મુલાકાત કરી. આ મામલે ૪૯ વર્ષના (ગેરકાયદે દારૂ વેચનારા) કે. કન્નુકુટ્ટીની ધરપકડ કરાઈ છે અને તેની પાસેથી જપ્ત કરાયેલા ૨૦૦ લીટર ગેરકાયદેસર દારૂની તપાસમાં જાણવા મળ્યું છે કે તેમાં ઘાતક 'મેથનોલ' હતો. મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને અનેક લોકોના મોત પર દુખ વ્યક્ત કર્યું અને કહ્યું કે તેને રોકવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. મુખ્યમંત્રી સ્ટાલિને એક્સ પર એક પોસ્ટમાં લખ્યું કે કલ્લાકુરિચીમાં ભેળસેળીયો દારૂ પીવાથી લોકોના મોતના સમાચાર સાંભળીને હું સ્તબ્ધ અને દુઃખી છું. આ મામલે સામેલ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે જો જનતા આવા અપરાધોમાં સામેલ લોકો વિશે જાણકારી આપે તો તત્કાળ કાર્યવાહી કરવામાં આવશે. સમાજને બરબાદ કરનારા આવા અપરાધોને કડકાઈથી દબાવવામાં આવશે. મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને ઘટનાની સંપૂર્ણ તપાસ માટે સીબીઆઈને તપાસના આદેશ આપ્યા છે. સરકારે ઘટના બાદ કલ્લાકુરિચી જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રવણ કુમાર જાટાવથની બદલી કરી દીધી છે. જ્યારે પોલીસ અધિક્ષક સમય સિંહ મીનાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. અન્ય નવ પોલીસકર્મીઓને પણ



સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જેમાં કલ્લાકુરિચી જિલ્લાની પ્રોહિબિશન શાખાના લોકોનો પણ સમાવેશ થાય છે. સ્ટાલિને અસરગ્રસ્ત પરિવારોને તમામ સહાય પૂરી પાડવા વરિષ્ઠ મંત્રીઓ ઈ.વી. વેલુ અને એમ.એ. સુબ્રમણ્યમને કલ્લાકુરિચી મોકલ્યા હતા. એમ.એસ. પ્રશાંત અને રજત ચતુર્વેદીની અનુક્રમે કલ્લાકુરિચી જિલ્લાના નવા જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી છે.

તમિલનાડુના રાજ્યપાલ આર. એન. રવિએ લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો અને પીડિતોના જલદી સ્વસ્થ થવાની કામના પણ કરી છે. કલ્લાકુરિચીના જિલ્લા કલેક્ટર એમ.એસ. પ્રશાંત જિલ્લાની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને મળ્યા હતા.

કલ્લાકુરિચીમાં મૃતકોની સંખ્યા સતત વધી રહી છે. છેલ્લે મળતી માહિતી મુજબ અત્યાર સુધીમાં ૩૪ લોકોના મોત થઈ ચૂક્યા છે. પોલીસે જણાવ્યું કે મંગળવારે રાતે કલ્લાકુરિચી શહેર અને આજુબાજુના વિસ્તારોમાં ડઝન જેટલા લોકોએ કરુણાપુરમમાં ગેરકાયદેસર દારૂ પીધો હતો. ઘરે પહોંચ્યા બાદ તેમાંથી મોટાભાગના લોકોને ચક્કર, માથાનો દુઃખાવો, ઉલ્ટી, જીવ ડહોળાવો, પેટમાં દુઃખાવો અને આંખોમાં બળતરાની ફરિયાદ હતી. તેમના પરિવારના સભ્યો તેમને શહેરની એક ખાનગી હોસ્પિટલ અને કલ્લાકુરિચી સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ લઈ ગયા. જ્યાં અનેક લોકોના મોત નિપજ્યા. અધિકારીઓએ કહ્યું છે કે દવાઓ વિલ્લુપુરમ, તિરુવન્નામલાઈ અને સાલેમથી લાવવામાં આવી છે. કલ્લાકુરિચી હોસ્પિટલમાં ડોક્ટરોની વિશેષ ટીમને બોલાવવામાં આવી છે. આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર છે. કલ્લાકુરિચી હોસ્પિટલમાં ડોક્ટરોની વિશેષ ટીમ બોલાવવામાં આવી. ૨૦થી વધુ લોકોને કલ્લાકુરિચી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૧૮ લોકોને પુડુચેરી જેઆઈપીએમઈઆર અને ૬ લોકોને સાલેમ રિફર કરવામાં આવ્યા હતા. તેમની સારવાર માટે વિલ્લુપુરમ, તિરુવન્નામલાઈ અને સાલેમથી દવાઓ મંગાવવામાં આવી છે. આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર છે. એઆઈએડીએમકેએ ભેળસેળયુક્ત દારૂ પીવાથી લોકોના મોતના મુદ્દે રાજ્ય સરકાર પર પ્રહારો કર્યા છે.

## હજ કરવા ગયેલા ૬૮ ભારતીયો સહિત ૯૨૨ લોકોના ગરમીથી મોત

### આ વર્ષે ૧.૭૫ લાખ ભારતીયો હજ યાત્રા માટે પહોંચ્યા હતા

મુંબઈ,તા.૨૦

સાઉદી અરેબિયાના મક્કામાં હજ કરવા ગયેલા ૯૨૨ લોકોના ગરમીના કારણે મોત થયા છે. ન્યૂઝ એજન્સી એએફપીએ અલગ-અલગ દેશોના ડેટાના આધારે આ જાણકારી આપી છે. એક અરબ રાજદ્વારીએ જણાવ્યું કે, માર્યા ગયેલા લોકોમાં લગભગ ૬૦૦ શ્રદ્ધાળુઓ તો ખાલી ઈજિપ્તના હતા અને ૧૪૦૦ લોકો હજુ પણ ગુમ છે. જો કે, સાઉદી અરેબિયાથી વિપરીત મૃત્યુની સંખ્યા અંગે હજુ સુધી કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. મધ્ય પૂર્વમાં આકરી ગરમી વચ્ચે મક્કામાં ૧૭ જૂને તાપમાન ૫૧.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે ૧૮મી જૂને ગરમીનો પારો ૪૭ ડિગ્રીએ રહેતાં થોડી રાહત મળી હતી. અહેવાલ મુજબ, ૧૨ થી ૧૯ જૂન સુધી ચાલનારી હજ દરમિયાન ૬૮ ભારતીય હજયાત્રીઓના પણ મોત થયા છે. હજ કમિટી ઓફ ઈન્ડિયાના જણાવ્યા અનુસાર



આ વર્ષે મહત્તમ ૧,૭૫,૦૦૦ ભારતીયો હજ યાત્રા માટે મક્કા પહોંચ્યા હતા. કેરળના હજ મંત્રી અબ્દુરહીમાને બુધવારે કેન્દ્ર સરકારને ભારતીયોની સુરક્ષા માટે જરૂરી પગલાં ભરવાની માગ કરી હતી. સાઉદી અરેબિયાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, મક્કા પર ક્લાઈમેટ ચેન્જની ઊંડી અસર થઈ રહી છે. અહીંનું સરેરાશ તાપમાન દર ૧૦ વર્ષે ૦.૪ ડિગ્રી સેલ્સિયસ વધી રહ્યું છે. ગયા વર્ષે ૨૪૦ હજ યાત્રીઓ હજ પર મૃત્યુ પામ્યા હતા. આમાંના મોટાભાગના ઈન્ડોનેશિયાના હતા. આ વર્ષે લગભગ ૧૮ લાખ હજ યાત્રીઓ હજ માટે પહોંચ્યા છે. તેમાંથી ૧૬ લાખ લોકો અન્ય દેશોના છે.

### યુનિસેફ સાથે મળીને અમેરિકા સ્થિત એક સ્વતંત્ર શોધ સંગઠન હેલ્થ ઇફેક્ટ્સ ઇનસ્ટીટ્યૂટે રિપોર્ટ જાહેર કર્યો

## વાયુ પ્રદૂષણને કારણે ૨૦૨૧માં ભારતમાં ૨૧ લાખ લોકોએ જીવ ગુમાવ્યા હોવાનો ખુલાસો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦

આજે ભારત સહિતના વિશ્વના દેશો પ્રદૂષણની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. આ સમસ્યાની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે વર્ષ ૨૦૨૧માં વાયુ પ્રદૂષણને કારણે ૮૧ લાખ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતાં.

યુનિસેફ સાથે મળીને અમેરિકા સ્થિત એક સ્વતંત્ર શોધ સંગઠન હેલ્થ ઈફેક્ટ્સ ઈનસ્ટીટયૂટે એક રિપોર્ટ જાહેર કર્યો છે. જેમાં



જણાવવામાં આવ્યું છે કે ત્રણ વર્ષ પહેલા એટલે કે ૨૦૨૧માં ચીનમાં ૨૩ લાખ અને ભારતમાં ૨૧ લાખ લોકોએ વાયુ પ્રદૂષણને કારણે પ્રાણ ગુમાવ્યા હતાં. વાયુ પ્રદૂષણની અસર બાળકો ઉપર પણ થાય છે. પાંચ વર્ષથી ઓછી ઉંમરના ૧,૬૯,૪૦૦ બાળકોનાં મોત થયા હતાં. ત્યારબાદ નાઈજિરિયામાં ૧,૧૪,૧૦૦, પાકિસ્તાનમાં ૬૮,૧૦૦, ઈથોપિયામાં ૩૧,૧૦૦ અને બાંગ્લાદેશમાં ૧૯,૧૦૦ બાળકોનાં મોત થયા હતાં. દક્ષિણ એશિયામાં મોત થવાનું મુખ્ય કારણ વાયુ પ્રદૂષણ છે. ત્યારબાદ હાઈ બ્લડ પ્રેશર, આહાર અને તમાકુ જેવા પરિબળો મોતનું કારણ બની રહ્યાં છે. વર્ષ ૨૦૨૧માં કોઈ પણ ગત વર્ષના અંદાજની સરખામણીમાં વાયુ પ્રદૂષણ સાથે જોડાયેલ વધારે મોત જોવા મળ્યા હતા. એક અબજથી વધુ વસ્તી ધરાવતા ભારત અને ચીન બંને મળીને કુલ વૈશ્વિક રોગનો ૫૪ ટકા હિસ્સો ધરાવે છે.


## વિશ્વમાં દર ચોથુ બાળક ભુખમરાનો શિકાર, ખાદ્ય સુરક્ષાની દૃષ્ટિએ ભારત ૮મા ક્રમે ધકેલાયું

નવીદિલ્હી,તા. ૨૦

યુનિસેફે બાળ ગરીબીને લઈને એક રિપોર્ટ જાહેર કર્યો છે, જેમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. રિપોર્ટ મુજબ ખાદ્ય સુરક્ષાની દ્રષ્ટિએ ભારત વિશ્વનો ૮મો સૌથી ખરાબ દેશ છે. અફઘાનિસ્તાન પછી ભારત દક્ષિણ એશિયામાં સૌથી ખરાબ સ્થિતિમાં છે. આ મામલે પાકિસ્તાનની સ્થિતિ ભારત કરતા સારી છે. રિપોર્ટ દર્શાવે છે કે વિશ્વમાં દર ચોથો બાળક ભૂખમરાનો શિકાર છે અને સારો આહાર મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. ૧૮૧ મિલિયન બાળકોમાંથી, ૬૫ ટકા ગંભીર ભૂખમરામાં જીવવા માટે મજબૂર છે. જાણો શું કહે છે યુનિસેફનો રિપોર્ટ અને ભારતમાં બાળકોની સ્થિતિ કેટલી ગંભીર છે?

સમગ્ર વિશ્વમાં આજે બાળ ગરીબીમાં સતત વધારો થઈ રહ્યો છે. યુનિસેફના ડેટા દર્શાવે છે કે વૈશ્વિક સ્તરે ૪માંથી ૧ બાળક ગંભીર શ્રેણીમાં આવે છે અને ખૂબ જ નબળા આહાર સાથે જીવે છે. યુનિસેફે તેના 'બાળ પોષણ રિપોર્ટ ૨૦૨૪'માં ૯૨ દેશો પર સંશોધન કર્યું હતું. બાળ ખાદ્ય ગરીબી અંગેના યુનિસેફના અહેવાલમાં ૫ વર્ષ સુધીના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ તપાસવામાં આવે છે કે બાળકોને પોષણયુક્ત અને વૈવિધ્યસભર આહાર મળી રહ્યો છે કે નહીં? ગંભીર બાળ ખાદ્ય ગરીબીમાં "નબળો ખોરાક, નબળું વાતાવરણ અને ઘરની આવક જે બાળકો અને તેમના પરિવારોને અસર કરે છે તેનો પણ સમાવેશ થાય છે."

## ઉત્તરપ્રદેશમાં ગરમીનો હાહાકાર, એક દિવસમાં ૪૪ના મોત



(એ.આર.એલ),લખનૌ,તા.૨૦

ઉત્તર પ્રદેશ હાલમાં ભારે ગરમી અને હીટવેવની ઝપેટમાં છે. આ તરફ ચોંકાવનારા સમાચાર તો એ છે કે, અહીં છેલ્લા ૨૪ કલાકમાં ૪૪ લોકોના મોત થયા છે. ઘણા લોકો હોસ્પિટલમાં દાખલ થઈને તેમની સારવાર કરાવી રહ્યા છે. હીટવેવના પ્રકોપને કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. દિવસ દરમિયાન લોકો ઘરની બહાર નીકળતા નથી. યુપીના ઘણા જિલ્લાઓમાં સ્થિતિ એવી થઈ ગઈ છે કે દિવસ દરમિયાન બજારોમાં શાંતિ છે. રસ્તાઓ પર કોઈ દેખીતી ગતિવિધિ જોવા મળતી નથી. આ બધાની વચ્ચે હવે બાગપત જિલ્લામાં વેપારીઓએ સવારે ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધી લોકડાઉનની માંગ પણ કરી છે.

યુપીના બાગપત જિલ્લામાં અખિલ ભારતીય ઉદ્યોગ વેપાર બોર્ડના અધિકારીઓએ જિલ્લા મેજિસ્ટ્રેટ બાગપતને પત્ર લખ્યો છે. પત્રમાં કાળઝાળ ગરમીને ટાંકીને સવારે ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધી લોકડાઉન લાગુ કરવાની માંગ કરવામાં આવી છે. વેપારી સંગઠનના અધિકારીઓ અને ઉદ્યોગપતિઓનું કહેવું છે કે, અમારા તમામ ધંધા પહેલાથી જ ઠપ્પ થઈ ગયા છે. વધતી જતી મોંઘવારી અને ઓનલાઈન શોપિંગ તો હતું જ પરંતુ હવે કાળઝાળ ગરમીના કારણે લોકો ઘરની બહાર નીકળી રહ્યા નથી.

વેપારીઓના મત મુજબ લોકો સવારે ૧૦-૧૧ વાગ્યા સુધીમાં જ બજારોમાંથી સામાન ખરીદે છે. ત્યારબાદ તેમની દુકાને કોઈ ગ્રાહક સામાન ખરીદવા આવતો નથી. તેમજ આ વધતી જતી ગરમીના કારણે રોજેરોજ નવી બીમારીઓ વધી રહી છે અને લોકો હોસ્પિટલોમાં દાખલ થઈ રહ્યા છે. તેથી જ તેઓએ નિર્ણય લીધો છે કે, સરકાર અથવા જિલ્લા વહીવટીતંત્ર વેપારીઓના હિતમાં તેમની સુરક્ષા માટે આ પગલાં લે અને લોકડાઉન અથવા દિવસનો કરફ્યુ લાદે તે વધુ સારું છે. આ સાથે વેપારીઓ પણ વધતી ગરમીથી બચી શકશે.










### નગરપાલિકાએ પડતર પ્રશ્નોના નિરાકરણની લેખીતમાં બાંહેધરી આપી

# ‘ચમત્કાર વગર નમસ્કાર નહી’ બગસરામાં સફાઈ કામદારોની હડતાલ સમેટાઈ

બગસરા, તા.૨૦

બગસરા નગરપાલિકાના સફાઈ કામદારો પોતાના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે હડતાલ પર ઉતર્યા હતા. જો કે પાલિકાએ મોટાભાગના પ્રશ્નોના નિરાકરણની બાંહેધરી આપતા હડતાલ સમેટાઈ ગઈ હતી. બગસરા પાલિકામાં કામ કરતા સફાઈ કામદારો બોનસ, ગણવેશ, મૃત્યુ પામેલા કામદારોના વારસદારને નોકરી પર લેવા સહિતના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે થોડા દિવસ પહેલા પાલિકાને અલ્ટીમેટમ આપ્યુ હતું અને પડતર પ્રશ્નોનું નિરાકરણ નહી થાય તો તા.૧૮ના રોજથી હડતાલની ચીમકી આપવામાં આવી હતી. જેને લઈ સફાઈ કામદારો હડતાલ પર ઉતરી જતા શહેરમાં ગંદકીના ગંજ ખડકાયા હતા. સફાઈ કામદારોએ ગઈકાલે રેલી યોજી પાલિકા વિરૂધ્ધ સુત્રોચ્ચાર પણ કર્યા હતા. જો કે આ બાબતે પાલિકા પ્રમુખે સફાઈ કામદારોના મોટાભાગના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે લેખીતમાં બાંહેધરી આપતા સફાઈ કામદારોએ હડતાલ સમેટી લીધી હતી. હડતાલ સમેટાઈ જતા શહેરીજનોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

**હડતાલનો સુખદ અંત આવતા શહેરીજનોને રાહત થઈ**

# ગુજરાત ભાજપ કિસાન મોરચા દ્વારા ખેત જણસના ટેકાના ભાવ વધારાને આવકાર

અમરેલી, તા.૨૦



ગુજરાત ભાજપ કિસાન મોરચા દ્વારા કેન્દ્ર સરકાર દ્વારા ખેત જણસના ટેકાના ભાવમાં વધારો કરવાના નિર્ણયનું સ્વાગત કરવામાં આવ્યું છે. મોરચાના પ્રદેશ પ્રમુખ હિતેષ પટેલે જણાવ્યું હતું કે આ નિર્ણય ખેડૂતો માટે ખુશીના સમાચાર છે અને તેનાથી તેમની આવકમાં વધારો થશે. પીએમ નરેન્દ્ર મોદી દ્વારા ખેડૂતોને આપવામાં આવતી કિસાન સન્માન નિધિ યોજનાના ૧૭મા હપ્તાની મંજૂરી આપવાનો નિર્ણય તેમજ ખરીફ પાકોના ટેકાના ભાવમાં વધારો કરવાનો નિર્ણય ખેડૂતો પ્રત્યે સરકારની સંવેદનશીલતા દર્શાવે છે. ગુજરાત ભાજપ કિસાન મોરચા દ્વારા કેન્દ્ર સરકારનો આભાર માનવામાં આવ્યો છે અને આશા વ્યક્ત કરવામાં આવી છે કે સરકાર આગામી સમયમાં પણ ખેડૂતોના કલ્યાણ માટે કામ કરતી રહેશે.

**આ નિર્ણય ખેડૂતો માટે ખુશીના સમાચાર છે અને તેનાથી તેમની આવકમાં વધારો થશે**

# ચલાલા પીએસઆઈની બદલી થતા વિદાયમાન



બગસરા,તા.૨૦

ચલાલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.આર.ગળચરની બદલી થતા પોલીસ કર્મચારીઓ અને શહેરના આગેવાનોએ ભવ્ય વિદાય આપી હતી તેમજ નવનિયુકત પીએસઆઈ પી. જે.રામાણીનું સ્વાગત કરાયું હતું. વિદાય સમારંભ અને આવકાર સમારંભમાં ચેમ્બર ઓફ કોમર્સ, ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો, પદાધિકારીઓ, સામાજિક કાર્યકરો સહિત સમગ્ર પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# અમરેલી એલસીબી ટીમે ખૂનના ગુનામાં ફરાર ચિતલ ગામના આરોપીને પકડી પાડ્યો

અમરેલી,તા.૨૦



અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં હત્યાના ગુનામાં દેવકુ ધીરૂભાઈ બાવળા ચિતલનો રહેવાસી આરોપી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે કાચા કામના કેદી તરીકે સજા ભોગવતો હતો. નામદાર હાઈકોર્ટના હુકમ આધારે તારીખ ૩૧/૧૦/૨૦૧૫ના વચગાળામાં જામીન ઉપર મુક્ત થયા બાદ કેદીને તારીખ ૦૭/૧૨/૨૦૧૫ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનું હતું પરંતુ જેલમાં હાજર થવાના બદલે ફરાર થયા હતા. છેલ્લા ૯ વર્ષથી નાસતો ફરતો હતો. જેને અમરેલી એલસીબીએ સુરત શહેરમાંથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી અને હાલમાં રાજકોટ જેલ હવાલે મોકલી કાર્યવાહી હાથ ધરી છે.

# રક્ષણ દળમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારો માટે તાલીમનું આયોજન

અમરેલી,તા.૨૦

રક્ષણ દળમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારો માટે વિનામૂલ્યે ૩૦ દિવસના નિવાસી તાલીમ વર્ગ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમમાં ઉમેદવારોને રહેવા તથા જમવાની સવલત સાથે શારીરિક અને લેખિત કસોટીની તાલીમ આપવામાં આવશે. રાજ્યના યુવાનો સંરક્ષણ દળમાં ભરતી થાય અને તેમને તે માટે યોગ્ય માર્ગદર્શન અને દિશા મળી રહે તે ઉદ્દેશ્ય સાથે અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવે છે. ઉંમર ૧૭.૫ વર્ષથી ૨૩ વર્ષ સુધીની હોય અને ધો.૧૦ પાસ કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા શારીરિક તેમજ માનસિક રીતે સક્ષમ ઉમેદવારોએ આ તાલીમ વર્ગમાં જોડાવા માટે અરજી કરવી. તે માટેનું નિયત અરજી ફોર્મ અમરેલી જિલ્લા રોજગાર કચેરી અથવા ચેનલ @EMPARELI પરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે. ઉમેદવારોએ અરજી દિન-૬માં જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, જિલ્લા સેવા સદન-૨, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી પિન નં.૩૬૫૬૦૧ ખાતે મોકલવી. અરજી પત્રક સાથે ધો.૧૦ની માર્કશીટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, આધાર કાર્ડ સહિતના સાધનિક દસ્તાવેજોની નકલ જોડવી. માહે એપ્રિલ-૨૦૨૪માં યોજાયેલ અગ્નિવીરની લેખિત કસોટીમાં પાસ થયેલ ઉમેદવારોને શારીરિક કસોટીમાં સારો દેખાવ કરી શકે તે માટે એડમિટ કાર્ડ મેળવેલ ઉમેદવારોને આ તાલીમ વર્ગમાં જોડાવા માટે અગ્રતા મળશે.

**વધુ માહિતી માટે અમરેલી જિલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરવો**

# સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલમાં ધો. ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલામાં તા. ૧૪ જૂન, ૨૦૨૪ ના રોજ શ્રી કે.કે. હાઈસ્કૂલના પ્રાર્થનાખંડમાં પ્રવેશ ઉત્સવનું આયોજન થયું હતું. જેમાં ધોરણ ૯ અને ૧૧ માં નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પ આપીને આવકારવામાં આવ્યા હતા. ઉપરાંત ચોકલેટનું વિતરણ કરીને સર્વે વિદ્યાર્થીઓનું મોં મીઠું કરવામાં આવ્યું હતું. કે.કે. હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ચેતનભાઈ ગુજરીયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષિકા વર્ષાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



# ગુજરાતી યુવા પ્રતિભા પ્રિયાંશ ગુજરાતી ઈન્ડિયા ઓક્સફર્ડ ફોરમના પ્રમુખ બન્યા

અમરેલી, તા.૨૦



મોટીવાવડી ગામના વતની અને સુરતના ઉદ્યોગપતિ ધનસુખભાઈ ગુજરાતીના પુત્ર પ્રિયાંશ ગુજરાતીએ ઈન્ડિયા ઓક્સફર્ડ ફોરમના પ્રમુખ પદની જવાબદારી સંભાળીને ગારીયાધાર તાલુકાનું ગૌરવ વધાર્યું છે. યુવા આઈકન પ્રિયાંશ ગુજરાતી હાલમાં ઈંગ્લેન્ડના ઓક્સફર્ડ ખાતેની પ્રતિષ્ઠિત ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ઓર્ગેનિક કેમેસ્ટ્રીમાં પીએચડીની પદવી મેળવી રહ્યા છે. તેમની સાથે જ તેઓ અસાધ્ય રોગોની દવા બનાવવા માટેનું પોતાનું એક સ્ટાર્ટઅપ પણ શરૂ કરી રહ્યા છે. તાજેતરમાં ૧૫ જૂનના રોજ ઓક્સફર્ડ ખાતે આ ફોરમની એક આંતરરાષ્ટ્રીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)
ડો. તુષાર બોરાણીયા (ઓમ ડેન્ટલ કિલનિક)
વાંકા ચૂકા દાંતના સ્પેશિયાલિસ્ટ
ડો. ધ્વનિક વાળા (M.D.S. ORTHO)
બાળકોના દાંતના સ્પેશિયાલિસ્ટ
ડો.વૈભવ કોટેચા (M.D.S. પીડીયાટ્રીક ડેન્ટીસ્ટ)
બાળકોના દાંતનો તેમજ વાંકા-ચુકા દાંત નો ચેકઅપ કેમ્પ
શું તમારા બાળકોનાં દાંત સડી ગયેલા છે, કે દુઃખાવો કે રસી થાય છે ?, શું તમારે કે તમારા બાળકનાં દાંત વાંકા-ચૂંકા છે ?, શું તમે પ્રરફેકટ સ્મિતની અપેક્ષા રાખો છો?, તો નિશ્ચિત પણ આ કેમ્પમાં અવશ્ય નિદાન કરાવો
વાંકા-ચૂકા દાંતના ચેકઅપ તથા સારવારનો કેમ્પ
ફ્રી નિદાન કેમ્પ :: સ્થળ :: ફ્રી નિદાન કેમ્પ
ઓમ ડેન્ટલ કિલનિક પહેલો માળ,સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી.
:: તારીખ :: ૨૩/૦૬/૨૦૨૪ રવિવાર
:: સમય :: સાવરે ૯:૦૦થી ૧૨:૦૦
:: પ્રોજેકટ ચેરમેન ::
લા. જયેશભાઈ પંડયા મો. ૯૮૯૮૦ ૫૨૫૮૧
લા.વિનોદભાઈ આદ્રોજા
લા.સાહસ ઉપાધ્યાય
લા. બિમલભાઈ રામદેવપુત્રા ખજાનચી
લા. કિશોરભાઈ શિરોયા પ્રમુખ
લા. ઋજુલભાઈ ગોંડલીયા સેક્રેટરી
ખાસ નોંધઃ શનિવાર અને કેમ્પનાં દિવસે નામ નોંધાવી શકાશે. ફોનઃ ૦૨૭૯૨ - ૦૨૩૦૩૦૦,મો. ૭૦૧૬૮ ૩૭૧૩૭

# સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર ખાતે સર્વમંગલ પાઠ પૂજન અને આમ્રોત્સવનું આયોજન

અમરેલી, તા.૨૦



વડતાલ ધામના લક્ષ્મીનારાયણદેવના દ્વિશતાબ્દી મહોત્સવના ભાગરૂપે, શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર, કેરીયા રોડ, અમરેલી દ્વારા મહિલા મંડળના બહેનો દ્વારા સાંખ્યયોગી લીલાબાની પ્રેરણાથી સર્વમંગલ પાઠ પૂજન અને આમ્રોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મહિલાઓએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો અને સર્વમંગલ પાઠ પૂજનમાં ભાગ લીધો હતો. ત્યારબાદ, આમ્રોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ, અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

પ્રાંત અધિકારી, મામલતદાર સહિતના અધિકારીઓને હાજર રાખી

# રબારીકા ગામે લોકદરબાર યોજતા ધારાસભ્ય મહેશ કસવાલા

**ધારાસભ્યએ જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યુ**

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા વિધાનસભા વિસ્તારના રબારીકા(તા.જેસર) ગામે છેલ્લા ઘણા સમયથી ગામની આવશ્યક સુવિધાઓ અંગે ગત લોકસભા ચૂંટણીના મતદાનના દિવસે ગામ લોકો દ્વારા સક્ષમ અધિકારી તથા મીડિયા સમક્ષ આક્રોશ વ્યક્ત કરેલ જે બાબતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રબારીકા ગામના પ્રશ્ન અંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેના અનુસંધાને



જાગૃત ધારાસભ્ય દ્વારા આચારસંહિતા પૂર્ણ થતા તરત જ રબારીકા ગામના પ્રશ્નો અંગે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું. આ લોકદરબારમાં પ્રાંત અધિકારી મહુવા, મામલતદાર /તાલુકા વિકાસ અધિકારી જેસર તથા સંબંધિત વિભાગના અધિકારીઓને હાજર રાખી તા.૧૯-૦૬-૨૦૨૪ના રોજ લોકદરબાર યોજવામાં આવેલ હતો. આ લોકદરબારમાં ગામ લોકો તથા સરપંચ હર્ષરાજભાઈ શિવરાજભાઈ વિંછીયા દ્વારા ગામના ખરાબ રોડ રસ્તા, પીવાના પાણી, શિક્ષણ, આરોગ્ય જેવા પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને સંબંધિત વિભાગોને તાત્કાલીક રબારીકા ગામના પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કરવા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા જરૂરી સૂચના અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતું.

# લાઠી ખાતે વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુક વિતરણ

લાઠી,તા.૨૦




લાઠી ખાતે શ્રી શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી પૂરીબેન માવજીભાઈ શંકર સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ વિનામૂલ્યે નોટબુકનું વિતરણ કરવામાં આવે છે તે પ્રમાણે શ્રી શિવમ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ઉકાભાઈ શંકર તથા અરજણભાઈ શંકરના વરદ હસ્તે તમામ વિદ્યાર્થીઓને નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# બાબરામાં આજે યોગ દિવસની ભવ્ય ઉજવણી થશે

બાબરા,તા.૨૦

**નાગરિકોને ભાગ લેવા અનુરોધ કરાયો**

બાબરા તાલુકા વહિવટી તંત્ર દ્વારા બાબરા તાલુકાના યોગ દિવસની ઉજવણી વડલી વાળા મેલડી માતાજી ધામ ખાતે કરવામાં આવશે. યોગ દિવસની ઉજવણી માટે તડામાર તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. આજે વહેલી સવારે મોટી સંખ્યામાં તાલુકા અને શહેરમાંથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેવા વડીલો, યુવાનો, રાજકીય આગેવાનો, પત્રકારો, વિવિધ સમાજના આગેવાનો, અધિકારીઓ સહિતને મોટી સંખ્યામાં ઉમટી પડવા અનુરોધ કર્યો છે.

# અમરેલીના ગજેરાપરા વિસ્તારમાં ગંદકી અને દુર્ગંધ અંગે તાત્કાલિક કાર્યવાહીની માંગ સાથે આવેદન પત્ર

અમરેલી, તા.૨૦

ગજેરાપરા સાવરકુંડલા રોડ પડસાલા ગેસ એજન્સી પાસે પટેલ વિસ્તારમાં પશુ કાપવા અને તેનો સ્ટોક કરવાને કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. અહીં સ્મશાન રોડ પર પશુને કાપવા અને તેનો સ્ટોક કરવામાં આવે છે. જેના કારણે આખો દિવસ ખરાબ દુર્ગંધ



આવે છે. જેના કારણે અહીં રહેતા રહીશોના સ્વાસ્થ્યને નુકસાન થવાનો ડર છે. આ સમસ્યા અંગે રહીશોએ નગરપાલિકામાં ઘણી વખત રજૂઆત કરી છે, પરંતુ કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. ગંદકી દૂર કરવા અને દુર્ગંધ ઘટાડવા માટે કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા આ સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. આ મામલે હવે રહીશોએ કલેક્ટરને આવેદન પત્ર આપીને તાત્કાલીક નિરાકરણ લાવવાની માંગ કરી છે.

# અમરેલી શહેરમાંથી સીએનજી ઓટો રીક્ષાની ચોરીથી ચકચાર

અમરેલી, તા.૨૦

અમરેલી શહેરમાં રાજકમલ ચોક ઈન્દિરા શાક માર્કેટ વાળી શેરીમાં એક યુવકે તેની સીએનજી ઓટો રીક્ષા પાર્ક કરી હતી. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે અકરમભાઈ બાબુભાઈ સુમરા (ઉ.વ.૩૦)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની જીજે-૦૬-ઝેડઝેડ-૧૬૬૫ નંબરની ઓટો રીક્ષા અમરેલી, રાજકમલ ચોક, ઈન્દિરા શાક માર્કેટવાળી શેરીમાં પાર્ક કરી હતી. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.વી.લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રોટરી ક્લબ ઓફ અમરેલી ગીર ૨૧ એવોર્ડથી સન્માનિત

અમરેલી,તા.૨૦

રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ દ્વારા તાજેતરમાં યોજાયેલા "આનંદ અર્પણ" એવોર્ડ સમારંભમાં રોટરી ક્લબ ઓફ અમરેલી ગીરને ૨૧ થી વધુ પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. ક્લબને "બેસ્ટ ક્લબ" અને "બેસ્ટ પ્રેસિડેન્ટ" (રોટે. ડો. મનિષ વાકોતર) સહિત અનેક શ્રેષ્ઠતા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવી હતી. આ



ઉપરાંત, ક્લબના સભ્યો રોટે. દેવદત્ત જાની, રોટે. પિયુષ અજમેરા, રોટે. અંબરીશ રાજ્યગુરૂ, રોટે. ધવલ ઠાકર અને રોટે. પ્રતીક સંઘરાજકાને પણ તેમના સરાહનીય યોગદાન બદલ વ્યક્તિગત એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. આ સમારંભ વડોદરા ખાતે યોજાયો હતો અને તેમાં ડિસ્ટ્રિક્ટ ગવર્નર નિહિર દવે, વૈશાલી દવે અને રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ ના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીય છે કે, રોટરી ક્લબ ઓફ અમરેલી ગીર સમાજસેવાના ક્ષેત્રમાં અગ્રણી રહી છે અને બાળ અપહરણ કેન્દ્ર, કેન્સર ચેકઅપ કેમ્પ, મેડિકલ સાધનોનું દાન, સુદામાની જોળી અને ઓક્સિજન બેંક જેવી અનેક ઉમદા કાર્યો કરે છે.

# અમરેલીમાં દશનામ સમાજ દ્વારા યુવા સંમેલન, સન્માન સમારંભ અને ચર્ચાસભાનું આયોજન

અમરેલી,તા.૨૦

અમરેલી દશનામ દર્શિત સમાચાર પત્ર અને શ્રી દશનામ દર્શિત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તારીખ ૨૨ જૂનના રોજ અમરેલી શહેરના પ્રેમગંગેશ્વર મહાદેવ મંદિર (પ્રતાપપરા) ખાતે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમો મહંતશ્રી નટવરગીરીબાપુના અધ્યક્ષસ્થાને યોજાશે. આ દિવસે દશનામ સમાજનું યુવા સંમેલન, તેજસ્વી પ્રતિભા, મહંતો, રાજકીય અને સામાજિક અગ્રણીઓનો સન્માન સમારંભ, દસ અગ્રણીઓને "જ્ઞાતિ રત્ન" સન્માન અને આગામી સમયમાં આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે આયોજનો અંગે ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં દશનામ સમાજના સંતો, મહંતો, સમાજ આગેવાનો, રાજકીય આગેવાનો, વિદ્યાર્થીઓ અને યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આ ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન દશનામ દર્શિત સમાચાર પત્રના તંત્રી અને ટ્રસ્ટના પ્રમુખ અતુલપુરી ગોસાઈના નેતૃત્વમાં કરવામાં આવશે. આગામી સમયમાં દશનામ સમાજના વિદ્યાર્થીઓ અને આર્થિક રીતે નબળા પરિવારો માટે આરોગ્ય ક્ષેત્રે શું કાર્ય કરી શકાય તે અંગે પણ આ કાર્યક્રમમાં ચર્ચા કરવામાં આવશે.

# બગસરામાં આજે કેન્સર જાગૃતિ અભિયાન શિબિર

બગસરા, તા.૨૦

બગસરામાં કેન્સર જાગૃતિ અભિયાનની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં શાશ્વત હીમેટો ઓન્કો એસોસિએટ્સ રાજકોટના ડૉ. અલ્પેશભાઈ કિકાણી દ્વારા કેન્સર વિષયક મૂંઝવણો અને પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે. આ કાર્યક્રમનું આયોજન પટેલ વાડી ખાતે આજે સવારે ૮:૦૦ વાગ્યે રાખવામાં આવ્યું છે. બગસરાની તમામ જનતાને વિનામૂલ્યમાં આ કેન્સર જાગૃતિ શિબિરમાં માર્ગદર્શન લેવા આમંત્રિત કરવામાં આવ્યા છે.

## રાજુલાના મહેરબાન સબ.ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. મું.રાજુલા

આર.આર.ટી.અપીલ નં. ૧૮/૨૦૨૪

અરજદાર:- ગુજરનાર પાંચાભાઈ નાગરભાઈ વાઘેલાના વારસદારો

(૧) વાઘેલા મોંઘીબેન પાંચાભાઈ (અવસાન)
(૨) વાઘેલા જગાભાઈ પાંચાભાઈ ઉ.વ.આ. પુખ્ત,ધંધો.ખેતી,ધર્મે. હિન્દુ,રહે.બલાણા,તા. જાફરાબાદ , જિ.અમરેલી
(૩) વાઘેલા અમરબેન પાંચાભાઈ ઉ..વ.આ.પુખ્ત,ધંધો.ખેતી ખેતી તથા ઘરકામ ધર્મે. હિન્દુ, રહે, ચિત્રાસર તા.જાફરાબાદ,જિ.અમરેલી
(૪) વાઘેલા કાનાભાઈ પાંચાભાઈ ઉ.વ.આ. પુખ્ત,ધંધો.ખેતી, ધર્મે. હિન્દુ, રહે.બલાણા, તા. જાફરાબાદ,જિ.અમરેલી
(૫) વાઘેલા જસુબેન પાંચાભાઈ ઉ.વ.આ.પુખ્ત,ધંધો.ખેતી,ધર્મે. હિન્દુ,રહે.રોહિસા,તા. જાફરાબાદ,જિ.અમરેલી
(૬) વાઘેલા માધાભાઈ પાંચાભાઈ ઉ.વ.આ.પુખ્ત,ધંધો.ખેતી, ધર્મે. હિન્દુ, રહે. બલાણા,તા.જાફરાબાદ,જિ.અમરેલી
(૭) વાઘેલા વીરુબેન પાંચાભાઈ ઉ.વ.આ.પુખ્ત,ધંધો.ખેતી તથા ઘરકામ,ધર્મે.હિન્દુ, રહે. બલાણા,તા જાફરાબાદ, જિ.અમરેલી
(૮) વાઘેલા માલુબેન પાંચાભાઈ ઉ.વ.આ. પુખ્ત,ધંધો.ખેતી તથા ઘરકામ,ધર્મે.હિન્દુ,રહે.બલાણા,તા.જાફરાબાદ, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- (૧) નાયબ મામલતદાર સાહેબશ્રી (મહેસુલ) મુ.જાફરાબાદ, તા.જાફરાબાદ, જી. અમરેલી
(૨) વઢવાણા મોંઘીબેન તે વિધવા હરજી રામની પત્નિ, મું.વઢેરા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી લગતા વળગતાઓ ને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે. કે.

આ કામે વઢવાણા મોંઘીબેન તે વિધવા હરજી રામની પત્નિના નામે ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના વઢેરા ગામના ખેડ ખાતા નંબર ૮, રેવન્યુ સર્વે નંબર ૯૫ હે.આરે.ચોમી. ૦-૬૧-૭૧ આવેલ છે જેનો તા. ૩૧/૦૩/૧૯૮૯ ના રોજ સબ રજીસ્ટર કચેરી રાજુલા ખાતે વેચાણ દસ્તાવેજ નંબર ૩૪૭/૧૯૮૯ થી પાંચાભાઈ નાગરભાઈ વાઘેલાના નામે નોંધાયેલ છે અને તે પાંચાભાઈ નાગરભાઈ વાઘેલાના એ જમીન વેચાણ રાખેલ છે. અને હાલના ખાતેદાર નીચે મુજબ છે.

| ક્રમ નં. | ખાતેદારોના નામ |
| --- | --- |
| ૧ | વઢવાણા મોંઘીબેન તે હરજીભાઈ રાજાભાઈ રામભાઈની વિધવા સ્ત્રી ઉ.વ. આ. પુખ્ત, ધંધો.ખેતી તથા ઘરકામ. ધર્મે. હિન્દુ રહે. વઢેરા, તા. જાફરાબાદ, જિ.અમરેલી. |

અને હાલ પાંચાભાઈ નાગરભાઈ વાઘેલા તથા મોંઘીબેન પાંચાભાઈ વાઘેલા અવસાન પામેલ હોય તેથી હક્ક પત્રકે વેચાણનોંધ દાખલ કરવાની અરજી જગાભાઈ પાંચાભાઈ વાઘેલાએ કરેલ હતી. અને તેની રેવન્યુ રેકર્ડમા નોંધ નંબર ૧૫૯૦ થી નોંધ પડેલી છે.પરંતુ આ જામીન વેચાણ આપનારનું કોઈ સરનામું મળેલ ના હોય તેથી ૧૩૫ ડી ની નોટીસ બજેલ ના હોવાથી નોંધ ના મંજુર થયેલ છે.અને હાલ રાજુલાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રટ સાહેબની કોર્ટમા એન્ટ્રી અપીલ વકીલશ્રી વિશાલભાઈ એચ. ગંગાજળીયા મારફત ઉપરોકત કોર્ટમા કરેલ છે. તો વેચાણ નોંધ કે દસ્તાવેજ કરી આપેલા સામે કોઈપણને વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૨૨/૦૭/૨૦૨૪ ના રોજ સવારના ૧૦:૩૦ વાંધા-તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે તેની નોંધ લેવી. કલાકે હાજર રહેશો

મું. જાફરાબાદ
તા.૧૯/૦૬/૨૦૨૪

સહી
વિશાલભાઈ એચ. ગંગાજળીયા
મો.૯૭૧૪૩ ૮૦૦૮૬

## રાજુલાના મે. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મું. રાજુલા

જન્મ/મરણ અરજી નંબર /૧૭૭/૨૦૨૪

અરજદાર :- શ્રી દાહાભાઈ બાવભાઈ જાદવ
સરનામું :- રહે. નાગેશ્રી, તા.જાફરાબાદ, જિ. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી-કમ-મંત્રીશ્રી, નાગેશ્રી મું. નાગેશ્રી તા.જાફરાબાદ, જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામના **શ્રી દાહાભાઈ બાવભાઈ જાદવ** એ તેમના ભત્રીજા નામે **શ્રી જાદવ રૂખડભાઈ રામભાઈ** નો જન્મ તા.૦૧/૦૬/૨૦૬૪ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી મિલન આર. જોષી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૦ માહે ૦૬ સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સ્થળ :- રાજુલા
તા.૨૦/૦૬/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride... MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

સંકુલ ધો. ૬ થી ૧૨ - બન્ને મિડીયમ ગર્લ્સ પ્રવેશ
★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર • સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ઈતિહાસ ભૂગોળ
★ કોમર્સ – સાયંસ બન્ને મિડીયમ – GM બાયોલોજી મેથ્સ – EM બાયોલોજી
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
★ ધો. ૧૧–૧૨ સાયંસ – JEE - NEET - GUJCET ડેઈલી નિઃશુલ્ક ક્લાસ
★ KG થી PG સ્કૂલ – કોલેજ – હોસ્ટેલ – બહુજ વ્યાજબી ફીજ માળખુ
★ KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ – Since - 1997
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતીશાંતાબેનહરિભાઈગજેરાશૈક્ષણિકગર્લ્સસંકુલ(લેઉવા પટેલ),ચક્કરગઢ રોડ -Ad 048

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




એડમિશન ચાલુ છે
ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ
SI
ફાયર સેફ્ટી
ANM
GNM
BSC
PBSC
D.PHARM
SC ST વિદ્યાર્થીને સ્કોલરશીપ
ધો. ૧૦, ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડ માં પરીક્ષા આપી ઉજવળ ભવિષ્ય બનાવો
વધુ માહિતી માટે
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જૂનાગઢ, અમદાવાદ
LAKSHYA
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી
7043819956
lakshyaeducationamreli@Gmail.com
https://lakshyaeducation.org.in/

કોઈ અકસ્માત ન થાય તે માટે જવાબદાર વિભાગને સૂચના આપવામાં આવી

# સાવરકુંડલા નાયબ કલેક્ટર કચેરીમાં પ્રિમોન્સુન કામગીરી અંગે બેઠક મળી

સાવરકુંડલા, તા.૨૦

નાયબ કલેક્ટર ડી.એન. ભાલરા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી પ્રિમોન્સૂન કામગીરીની મિટિંગમાં તાલુકા પંચાયત, નગરપાલિકા, પીજીવીસીએલ, આરોગ્ય વિભાગ, વન વિભાગ, આર એન્ડ બી તેમજ તમામ સંબંધીત વિભાગના અધિકારીઓ અને પ્રતિનિધિઓ સાથે પ્રિમોન્સૂન કામગીરીની યોજાયેલી બેઠકમાં નાયબ કલેક્ટર તરફથી મહત્વની સૂચનાઓ આપવામાં આવી હતી. લોકોને મુશ્કેલીઓ ન પડે તે માટે જરૂરી કામગીરી અને જરૂરી સૂચના બોર્ડ આપવાની અને લખવાની પણ સૂચનાઓ આપવામાં આવી ખાસ કરીને શહેરી વિસ્તારમાં જ્યાં પાણીનો ભરાવો થાય છે, જ્યાં કચરાના ઢગલાઓ છે તે



બાબતે યોગ્ય કાર્યવાહી કરવા પાલિકા તંત્રને જણાવવામાં આવ્યું તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આંતરિક રસ્તાઓ તેમજ નાળા પુલિયાઓ તૂટી ગયા હોય અને લોકોને પસાર થવું જોખમી હોય ત્યાં યોગ્ય પહેરો ગોઠવવા પોલીસ વિભાગને સૂચનાઓ આપી હતી. આમ સમગ્ર સાવરકુંડલા શહેર અને ગ્રામ્ય વિસ્તાર તેમજ લીલીયા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મકાનો બાબતેની પણ સૂચનાઓ આપવામાં આવી હતી અને તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરી અત્રેની કચેરીએ રિપોર્ટ કરવા જણાવવામાં આવ્યું તેમજ કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવ્યા છે.

# આમ આદમી પાર્ટી અમરેલીએ NEET ગોટાળાના દોષિતો પર પગલાં લેવા આવેદનપત્ર આપ્યું

ભવિષ્યમાં આવી ઘટનાઓનું પૂનરાવર્તન ન થાય તે માટે આયોજન કરવા માંગ

અમરેલી, તા.૨૦

સરકારી ભરતીની પરીક્ષાઓના ગોટાળાઓ સામે આવતા હતાં પણ આ વખતે તો **NEET-UG** જેવી પરીક્ષાઓમાં પણ ગોટાળાઓ થયા છે. આ સમગ્ર ઘટનામાં અનેક શંકાના બિંદુઓ છે જે અલગ અલગ સમાચારપત્રો, ચેનલો અને સોશિયલ મીડિયાના માધ્યમથી વિદ્યાર્થીઓએ, વાલીઓએ અને શિક્ષણવિદોએ ઉઠાવ્યા છે. ઉપરાંત એક સાથે ૬૭ વિદ્યાર્થીઓને ૭૨૦ માંથી ૭૨૦ માર્કર્સ કેવી રીતે મળી શકે ? આ ઘટનાના દોષીઓ ઉપર કડકમાં કડક પગલાં તાત્કાલિક લેવામાં આવે તથા ભવિષ્યમાં આવી ઘટના ક્યારેય ન બને એ માટેનું આગોતરું આયોજન અને નીતિઓ બનાવવામાં આવે તેમ આમ આદમી પાર્ટી જીલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયાએ આવેદનપત્રમાં જણાવ્યું છે.

# ધારીના મોરજર ગામે પાંચ સિંહો રસ્તો પસાર કરતા કેમેરામાં કેદ



બગસરા, તા.૨૦

ધારીના મોરજર ગામે સિંહોએ ધામા નાખતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. આજે બપોરના બે વાગ્યે એક સાથે પાંચ સિંહો રસ્તો પસાર કરતા કેમેરામાં કેદ થયા હતા. સિંહો રસ્તો પસાર કરતા હોવાથી વાહનચાલકોએ વાહનો થંભાવી દીધા હતા.

# મોટા આગરિયાના ગ્રામજનોએ આવેદન આપ્યું

રાજુલા,તા.૨૦

રાજુલા તાલુકાના મોટા આગરિયાના ગામલોકોએ રાજુલા ડેપ્યુટી કલેકટરને આવેદન પાઠવ્યુ હતું. જેમાં જણાવવામાં આવ્યુ છે કે, હાલ રાજુલાથી બાઢડા સ્ટેટ હાઈવે ફોર લેન રોડની સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે. આ રોડ મોટા આગરીયા ગામેથી પસાર થાય છે. હાલ જે ચાલુ રોડ છે તે બે માંગીય છે. જે ઘણા વર્ષ પહેલા બનેલો છે. સરકારે ચાર માંગીય રોડ માટે મોટા આગરીયા ગામની પશ્ચિમ



બાજુએ જમીન સંપાદન કરી ખેડૂતોને વળતર ચુકવી આપેલ છે. આ સંપાદિત જમીનમાં ખેડૂતો દ્વારા ખેતી કરવામાં આવે છે. જુના હૈયાત રોડે નાળા તેમજ ફોર લેન રોડ બનાવવામાં આવે તો હાલ રહેણાંકના મકાન પડે તેવી સ્થિતિનું નિર્માણ થયેલ છે. આ રોડ માટે સંપાદન કરવામાં આવેલ જમીન પર નવો મંજૂર થયેલ ફોર લેન રોડ બનાવવો અને જે જૂના રોડે હાલ અધિકારીઓની અધુરી જાણકારીના કારણે ખોટા પુલો બનાવેલ છે જે ખરેખર સંપાદન થયેલ રોડ પર બનાવવાના હોય છે. આમ સરકારના લાખો રૂપિયાનો ખર્ચ પાણીમાં જશે તેવુ ગામ લોકોનું માનવુ છે અને જવાબદાર અધિકારીઓ સામે તપાસ કરવા ગ્રામજનોની માંગ છે. ઉપરાંત મંજૂર થયેલ ફોર લેન રોડ સંપાદન થયેલ જમીનમાં જ કરવામાં આવે જેથી સરકારે અગાઉ સંપાદન માટે ચુકવેલ વળતર એળે ન જાય.

# વાંકીયા ગામે ખેડૂતના ઘરમાં ખાતર પડ્યું

અમરેલી, તા.૨૦

વાંકીયા ગામે રહેતો એક ખેડૂત મકાનને તાળું મારીને વાડીએ ગયો હતો. તે સમયે અજાણ્યા ઈસમો મકાનમાં ત્રાટક્યા હતા અને રોકડા ૫૦ હજારની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

બનાવ સંદર્ભે ઘનશ્યામભાઈ છગનભાઈ રાદડીયા (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, તેઓ સવારે સાત વાગ્યે મકાનને તાળું મારી વાડીએ ગયા હતા. સાંજે પરત આવ્યા ત્યાં સુધીમાં અજાણ્યો ઈસમ તાળું તોડી ઘરમાં રહેલી સુટકેસમાં રાખેલા રૂ. ૬૦,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે.ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# વણોટ ગામેથી ૧૮ શકૂનીની બાજી બગાડી પોલીસે રૂ. ૫૫,૬૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

જિલ્લામાં ૪ સ્થળેથી કુલ ૩૭ પત્તાપ્રેમી પકડાયા

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે કુલ ૪ સ્થળેથી ૩૭ શકુનીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. જુની જીકાદ્રી ગામની સીમમાં એભલવડ જવાના રસ્તેથી છ ઈસમો રોકડા ૨૪,૮૫૦, એક હાથબત્તી મળી કુલ ૨૫,૦૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. દામનગરના શાખપુર ગામે કુંભારશેરી પાછળ જાહેરમાં બાવળ નીચે જુગાર રમતા આઠ ઈસમો રોકડા ૧૩,૫૮૦ સાથે ઝડપાયા હતા. જાફરાબાદ સામાકાંઠા લાલબત્તી વિસ્તારમાં લાઈટના અજવાળે જુગાર રમતાં પાંચ ઈસમો રોકડા ૧૩,૯૪૦ સાથે પકડાયા હતા. વણોટ ગામે દાધીયા ગામ તરફ જતા રોડ ઉપરથી ૧૮ ઈસમો જાહેરમાં ગંજીપત્તાના પાના વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૫૫,૬૪૦ સાથે પકડાયા હતા.

# માલસીકા ગામે વાડ તથા ઝાડ કાઢવાની ના પાડતાં પ્રૌઢ ખેડૂતને ગાળો આપી

હેડ કોન્સ્ટેબલ મનુભાઈ આર. માંગાણી વધુ તપાસ કરી રહ્યા છે.

ધારી, તા.૨૦

ધારીના માલસીકા ગામે રહેતા એક પ્રૌઢે ખેતરના શેઢે આવેલ કાંટા તેમજ લીમડાના ઝાડ કાઢવાની ના પાડતાં તેને ઉશ્કેરાઈને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે વલ્લભભાઈ કાનજીભાઈ ચૌહાણ (ઉ.વ.૭૪)એ દેહુરભાઈ ગોદડભાઈ કાતરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ખેતરે આંટો મારવા ગયા તે દરમિયાન આરોપી તેમના ખેતરના શેઢે આવેલ કાંટાની વાડ તેમજ લીમડાના ઝાડ જે.સી.બી વડે કાઢતા હતા. જે વાડ તથા ઝાડ ફરિયાદીએ કાઢવાની ના પાડતા આ આરોપીએ ઉશ્કેરાઈને જાનથી મારી નાંખવાની ધમકી આપી, ગાળાગાળી કરી અને તેમના શેઢાની વાડને નુકસાન પહોંચાડ્યું હતું. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મનુભાઈ આર. માંગાણી વધુ તપાસ કરી રહ્યા છે.

# નાની ધારી ગામે ઉછીના આપેલા પૈસા આપી દીધાનું કહેતા યુવકને ધમકી આપી

ખાંભા, તા.૨૦

સાવરકુંડલામાં રહેતા હરેશભાઈ લાખાભાઈ કાચા (ઉ.વ.૪૫) નાની ધારી ગામે તેમના મોટાભાઈના ઘરે અગિયારસના તહેવાર નિમિત્તે આંટો મારવા ગયા હતા.

તેઓ રાત્રીના સમયે ગભરૂભાઈ માણસુરભાઈ ખાખડીયાના ઘરે બેસીને પરત પોતાના મોટાભાઈના ઘરે જતા હતા ત્યારે રસ્તામાં હકુભાઈ મંગળુભાઈ માંજરીયાએ આપેલા ૫૦૦ રૂપિયા માંગતા તેમણે આપી દીધાનું કહ્યું હતું. જેથી આરોપીએ ઉશ્કેરાઈ તેમને ગાળો બોલીને તેની પાસે રહેલી લાકડીના ત્રણ ચાર ઘા માર્યા હતા. ઉપરાંત ઢીકાપાટુનો માર મારીને જાનથી મારવાની ધમકી આપી હતી.

ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ ચૌદસ
તા. ૨૧-૦૬-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૨૩,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: જયેષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૨૧-૦૬-૨૦૨૪ શુક્રવાર

મેષ: કાર્યક્ષેત્રમાં તમારા કામની પ્રસંશા થશે, પરંતુ સાથે તમારા દુશ્મન નિંદાઓ પણ કરશે. બસ તમારે તમારા કામ પર ફોકસ કરવાની જરૂર છે.

વૃષભ: ઘરના સભ્યો કે સંતાન વ્યવહારથી તમે દુઃખી રહેશો. પત્ની કે પ્રેમિકા પણ આવા પ્રકારના વ્યવહારથી તમને વ્યથિત કરી શકે છે.

મિથુન: આજે નોકરી કે વેપાર-ધંધામાં આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે. આ સિવાય બની શકે છે કે કોઈ કામ શરૂ કરવામાં વધુ સમય લેવો પડે.

કર્ક: આજે તમને વ્યવસાયમાં તમારા ઉચ્ચ અધિકારીઓનો સહયોગ મળશે. આવી સ્થિતિમાં વાણી પર કાબૂ રાખવાની જરૂર છે.

સિંહ: બની શકે છે કે આજે તમારા કામમાં સુધારો આવી શકે. તેમ છતા પણ કોઈ ડર કે શંકાના કારણે તમારૂ મન અશાંત રહી શકે છે.

કન્યા: આજનો દિવસ સારો પસાર થશે. જો શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રયાસ કરી રહ્યા હોવ તો આજનો દિવસ તમારા માટે શુભ સાબિત થઈ શકે છે.

તુલા: હાલનો સમય કાર્યક્ષેત્રમાં અવર-જવરનો અને નિયમબદ્ધ કામ પૂરો કરવાનો ચાલી રહ્યો છે. આ દરમિયાન નજીકના લોકો ચિંતામાં વધારો કરી શકે છે.

વૃશ્ચિક: જો તમે તમારા વ્યવસાય કે વેપાર સંબંધિત કોઈ કરાર કે લખાણનું કામકાજ કરવા માંગતા હોવ તો તેને બે જ દિવસમાં પુરૂ કરી લેજો.

ધન: આજે સવારથી જ દિવસ તમારા માટે પ્રતિકૂળ રહેશે. આ સિવાય કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કોઈ પરિવર્તન આવી શકે છે.

મકર: આજે આરોગ્યની કાળજી લેજો. દિવસના પહેલા ભાગમાં વધુ પડતા કામ આવી પડશે. બપોર પછીનો સમય પડકારભર્યો રહી શકે છે.


કુંભ: આજનો દિવસ તમારા માટે એવરેજ રહેશે. વેપારમાં સ્થિતિ સુધરતી નજરે પડશે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી મજબૂતી વધશે.

મીન: આજે આવક કરતા ખર્ચ વધુ થશે. ધ્યાન રાખજો કે, સારો મૂડ હોવાના કારણે એવું ન બને કે બીજાની મદદ કરવામાં તમે સારા નરસાનું ભાન ભૂલી જાવ.

# રાજુલામાં ધાર્મિક કાર્યક્રમનું આયોજન, સંતો, સમાજ અને ભક્તોનો સંગમ

રાજુલા, તા.૨૦

રાજુલા શહેરના રામ મઢી યાદવ ચોક વિજય હનુમાન મંદિરમાં મહંત સીતારામ દાસ ગુરુ ભરતદાસ બાપુની ૭૦મી વર્ષગાંઠ નિમિત્તે ભવ્ય અને દિવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાણીતા કલાકાર આશાબેન કારેલીયાએ ધાર્મિક ગીતોની સુંદર રજૂઆત કરીને હાજર શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સાથે



જ લોકસાહિત્યકાર ભરતભાઈ બોરીચા અને ભજનીક એવા અરવિંદભાઈ બાપુએ સવાર સુધી ભજનોની જમાવટ કરી હતી. આ દરમિયાન સંતોની પધરામણી, સંત સામૈયા, ધર્મસભા, મહાપ્રસાદ અને સંતવાણી જેવા કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. સમારોહનું આયોજન દુલાભાઈ બોઘાભાઈ કાતરીયાની વાડી, ડુંગર રોડ, સમાધિ સ્થળ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન બોઘા આતા કાતરીયા પરિવારના સભ્યો - બાબુભાઈ કાતરીયા, દુલાભાઈ કાતરીયા, વિક્રમભાઈ કાતરીયા, અનિલભાઈ કાતરીયા, રમેશભાઈ બાબુભાઈ કાતરીયા, પૂર્વ પ્રમુખ રાજુલા નગરપાલિકા વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું.


## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર - **એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામુ-પોલીસ સ્ટેશન સામે,મુ.લીલીયા, તા.લીલીયા, જિ. અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-એકલેરા ગામે ખેડુત ખાતા નં -૬૨૪ ની ખેતીના માલીક શ્રી વિનુભાઈ કનુભાઈ બાબરીયા ના સ્વતંત્ર નામે મોજે -એકલેરા, સ.નં. -૧૫૮ પૈકી ૧, ક્ષેત્રફળ હે. આરે.ચોમી.૧-૪૦-૬૩, આકાર-૯.૪૭ વાળી ખેતીની જમીન....

ઉપરોકત જણાવ્યા મુજબની ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વે નંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકારવાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હકક, હિત, હિસ્સો,દાવો,લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે નીચેના સરનામે રજુ કરશો.

સદરહુ જમીનમાં એસ.બી.આઈ-ગુંદરણ શાખાનો રૂા. ૫,૦૦,૦૦૦/- ના તારણમા બોજો આવેલ છે. તેમજ આ સિવાય ઉપરોકત ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામા,પંચાયત વિભાગમા, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) મા અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી.........

**એસ.પી.ભડકોલીયા,**
**(એડવોકેટ & નોટરી)**
**ઠે. પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, જિ.અમરેલી**
**મો.નં. ૯૮૯૮૩ ૧૩૮૯૪**

**સ્થળઃ- લીલીયા**
**તારીખઃ- ૨૦/૬/૨૦૨૪**


# પોલીસ ફરિયાદના મનદુ:ખમાં જાનથી મારવાની ધમકી આપી

ધારી, તા.૨૦

હાલ સુરત રહેતા મૂળ ધારીના વિરપુર ગામના હેતલબેન બાબુભાઈ કોઠીયાએ ધીરૂભાઈ છગનભાઈ શેખડા, વિનીતભાઈ ધીરૂભાઈ શેખડા, વાલજીભાઈ હરીભાઈ શેખડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ અગાઉ મારામારીના બનાવમાં થયેલી પોલીસ ફરિયાદનું મનદુઃખ રાખી તેમના બાપુજી તથા ભાઈને ગાળો બોલી, જાનથી મારવાની ધમકી આપી હતી.

# મોટી કુંકાવાવ ગામે ફોર વ્હીલ ઉભી રખાવી યુવકને માથામાં લોખંડનો સળીયો માર્યો

બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી

વડીયા, તા.૨૦

મોટી કુંકાવાવ ગામે ફોર વ્હીલ લઈને પસાર થતાં યુવકને અટકાવી માથામાં પ્લાસ્ટિકનો પાઈપ મારવામાં આવ્યો હતો.

બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. નવી જીકાદ્રી ગામે રહેતા મહેશભાઈ ચંપુભાઈ વરૂ (ઉ.વ.૨૫)એ મોટી કુંકાવાવના વિક્રમભાઈ કાળુભાઈ ચાવડા, કાનજી ઉર્ફે કાનો ધીરૂભાઈ મોઢવાડીયા તથા કરમણભાઈ દાદભાઈ કુવાડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદો કુંકાવાવ ગામમાંથી ઘર તરફ જતા હતા ત્યારે ફોરવ્હીલ ઉભી રખાવી પોતાના હાથમાં રહેલ લોખંડના સળીયાના માથાના ભાગે બે ઘા માર્યા હતા. જે બાદ કરમણભાઈ દાદભાઈ કુંવાડીયા (ઉ.વ.૪૨)એ મયુરભાઈ ભીખુભાઈ તલસાણીયા રહે. મોટી કુંકાવાવ, મહેશભાઈ ચંપુભાઈ વરૂ રહે.નવી જીકાદ્રી તથા નિરવભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મિત્ર સાથે મયુરભાઈ તલસાણીયાને બોલાચાલી તથા ઝઘડો થયો હતો. તેનું મનદુ:ખ રાખી ત્રણેય આરોપીઓએ તેમને ગાળો આપી હતી અને હાથમાં રહેલી છરીનો એક ઘા જમણા હાથની કોણી પાસે મારી મુંઢ ઈજા પહોંચાડી હતી.

વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એલ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# અરુણાચલ ભારતનો ભાગ છે

જમ્મુ કાશ્મીરમાં ચૂંટણી સફળતાપૂર્વક થઈ તેનું સીધું પરિણામ આવ્યું કે કાશ્મીરને ભારતથી અલગ કરી નાખવાના સપના જોઈ રહેલા અલગાવવાદીઓની મુરાદ ધૂળમાં મળી આથી આ પાકિસ્તાન તરફથી રાષ્ટ્ર વિરોધીઓએ હુમલા કરી દીધા અને છેલ્લા એક સપ્તાહની અંદર ત્રાસવાદીઓએ કાશ્મીરમાં હુમલાઓ કર્યા પરિણામે ભારત સરકારે ઓપરેશન ઓલ આઉટનો અમલ કરીને ત્રાસવાદીઓનો સફાયો બોલાવી દીધો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાશ્મીરમાં ગયા છે ત્યારે ત્યાં જડબેસલાખ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે ભારતના કોઈપણ નેતા કાશ્મીર જાય તો સૌથી વધારે તકલીફ પાકિસ્તાનને થાય છે આવી જ રીતે જો અરુણાચલની અંદર ભારતના કોઈ નેતા જાય તો ચીનને તકલીફ થાય છે ચીન માને છે કે અરુણાચલ અમારો એક ભાગ છે પરંતુ હજારો વર્ષથી અરુણાચલનો પ્રદેશ ભારતનો એક હિસ્સો છે અને કાયમ રહેશે. અરૂણાચલ પ્રદેશ માટે ચીનનો દાવો ખોટો છે એવું ભારત વારંવાર કહી ચૂક્યું છે. ભારતના કોઈ નેતા અરૂણાચલ જાય ત્યારે ચીન વાંધો ઉઠાવીને પોતાનું અરૂણાચલ હોય એમ વર્તતું હતું. વડાપ્રધાન મોદી અરૂણાચલ ગયા ત્યારે પણ ચીને જુની રેકર્ડ વગાડી હતી. ભારતની વારંવારની સ્પષ્ટતા છતાં ચીનમાં કોઇ સુધારો થતો નથી.પોતાની વિસ્તારવાદની નીતિને વળગી રહેલી ચીનનો અરૂણાચલ પરનો દાવો બહુ જુનો છે. વારંવાર તે પોતાનો દાવો ઠોક્યા કરે છે અને ભારત તેને ફગાવતું રહે છે. પરંતુ અમેરિકાના બાઈડન વહીવટી તંત્રે ખોંખારીને કહ્યું છે કે અરૂણાચલ પરના ચીનના દાવાની વાત ખોટી છે અને પાયા વિનાની છે. ચીનના દાવાની પોલ અમેરિકાએ ખોલી નાખી છે જો કે તેથી વિવાદનો અંત નથી આવ્યો કેમકે ચીન દાવો કર્યા કરવાનું છે પરંતુ હવે દાવાની પોલ ખુલ્યા પછી આ મુદ્દે ચીન અને અમેરિકા સામ સામે આવી જશે. ચીનનો દાવો પાયા વિનાનો છે પરંતુ ભારતના રાજકીય નેતાઓ ચીન સાથે સંબંધો બગડે તેવું ઈચ્છતા નહોતા. એટલે બધું ચાલ્યા કરતું હતું. ચીનના દાવાનું કોઈ ખંડન નહોતું થતું એટલે ચીનને પણ ફાવટ આવી ગઈ હતી. કેન્દ્રમાં માં મોદી સરકાર આવ્યા બાદ ચીનને જવાબ આપવો શરૂ કરાયો તો. આપણે જેને અરૂણાચલ દેશ કહીએ.ચીનના નકશામાં ચીન અરુણાચલને પોતાના પ્રદેશ ગણાવીને ગેરમાર્ગે દોરી દીધું છે અને પોતાની મનમાની કરી રહ્યું છે અરુણાચલ પહેલા તિબેટ નો પ્રદેશ હતો. ચીન એવું બને છે કે આ આખો પ્રદેશ અમારો છે તિબેટ અમારું છે આથી અરુણાચલ પણ અમારો ગણાય આમ રોણાચલ ભારતનો હોવા છતાં ચીન પોતાનું માને છે અને વિશ્વને એવું કહે છે કે અરુણાચલ પર ભારતનો કોઈ અધિકાર છે જ નહીં તે સમગ્ર પ્રદેશ ચીનનો છે. ઈતિહાસ પર નજર કરીએ તો ૧૯૧૪માં બ્રિટન અને તિબેટના અધિકારીઓએ તિબેટની સરહદ નક્કી કરી હતી. ત્યારે અરૂણાચલના પ્રદેશને બ્રિટીશ ખાણ- ઈન્ડિયાના વિસ્તાર તરીકે માન્યતા અપાઈ હતી. ૮૯૦ કિલો મીટર લાંબી સરહદને મેકમોહન લાઈન તરીકે ઓળખ આપવામાં આવી હતી. બહુ સ્પષ્ટ ચિત્ર હતું કે મેકમોહન લાઈન નક્કી થઈ ત્યારે તેમાં ચીન ક્યાંય નહોતું. આમ ૧૯૧૪ થી અરૂણાચલ પ્રદેશ ભારતનો ભાગ બની ગયો હતો. ૨૦ જાન્યુઆરી ૧૯૭૨થી અરૂણાચલ કેન્દ્ર શાસિત પ્રદેશ હતો. નવા રાજ્ય તરીકે ૨૦ ફેબ્રુઆરી ૧૯૮૭ના રોજ અરૂણાચલ પ્રદેશ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું હતું.

# યુરોપનું પાવર હાઉસ ગણાતું જર્મની બ્રેકડાઉન થઈ રહ્યું છે



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ચીન રશિયા અમેરિકા અને જર્મનીની અર્થવ્યવસ્થા પર હવે મંદીનો ઓછાયો છવાતો જાય છે. યુરોપની અર્થવ્યવસ્થામાં જર્મની પાવર હાઉસ ગણાય છે ત્યાં હંમેશા ઉપયોગી ઉત્પાદન અને આર્થિક પ્રવૃત્તિઓ ધમધમતી હોય છે આજે જર્મનીમાં મંદીનો માહોલ છે. જર્મની યુરોપની સૌથી મોટી અને વિશ્વની ત્રીજા ક્રમની અર્થવ્યવસ્થા છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે ભારતની જીડીપી ૨૦૨૭-૨૮માં ૫.૧૫ ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ મૂક્યો છે, જે ભારતને જર્મની અને જાપાનથી આગળ મૂકી દેશે. ભારત અને જર્મનીની સરખામણી કરીએ તો જર્મનીનો જીડીપી ૪.૪૩૦ બિલિયન ડોલર છે જ્યારે ભારતનો ૩.૭૩૦ બિલિયન ડોલર છે. પણ 'પર કેપિટા જીડીપી'ની દૃષ્ટિએ જર્મની ૫૨૮૨૦ ડોલર સાથે ભારતના ૨૬૧૦ ડોલર કરતાં ઘણું આગળ છે. જર્મની જ નહીં પણ ટોપ-૧૦ અર્થવ્યવસ્થાઓમાં ભારતની 'પર કેપિટા જીડીપી' સૌથી ઓછી છે,નવમા ક્રમે રહેલા બ્રાઝિલની ૧૦૪૧૦ ડોલર કરતાં પણ. જાહેર આરોગ્યની વાત કરીએ તો જર્મનીને ૯૪ અને ભારતને ૩૦ અંક મળે. પ્રતિ ૧૦૦૦ વ્યક્તિ જર્મનીમાં આઠ હોસ્પિટલ બેડ છે જ્યારે ભારતમાં માત્ર ૦.૫૩ પ્રતિ ૧૦૦૦ વ્યક્તિ જર્મનીમાં ૪.૫ ડોક્ટર છે જ્યારે ભારતમાં માત્ર ૦.૭૩ બેરોજગારી દર જર્મનીમાં ત્રણ ટકા જ્યારે ભારતમાં સાત ટકાથી વધુ છે. જર્મનીમાં સરેરાશ આવક ૫૪૦૩૦ ડોલર છે જ્યારે ભારતની ૨૩૯૦ ડોલર છે. ભ્રષ્ટાચાર મામલે પણ ભારતમાં જર્મની કરતાં ઘણી ખરાબ પરિસ્થિતિ છે. આજના ઈન્ટરનેટના યુગમાં ભારતમાં પ્રતિ ૧૦૦૦ વ્યક્તિ ૪૬૩ ઈન્ટરનેટ યુઝર સામે જર્મનીમાં ૯૧૬ છે. ઊંચી આવક ધરાવતા તમામ દેશો આર્થિક સમૃદ્ધિ અને ઘટતી વસ્તીને કારણે નીચી જીડીપી વૃદ્ધિની કક્ષામાં આવે છે, જ્યારે વિકાસશીલ દેશો ઊંચી જીડીપી વૃદ્ધિ નોંધાવે છે. એટલે જ ભારત ૨૦૧૩-૨૦૨૨ દરમિયાન લગભગ સાત ટકાની, એટલી પ્રભાવશાળી વૃદ્ધિ ન હોવા છતાં ચાર દેશોને પાછળ છોડીને પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યો. જર્મની અને જાપાન પણ ઘટી રહેલી વસ્તી સાથે ઊંચી માથાદીઠ આવકવાળા દેશો છે. IMF ૨૦૨૭માં જર્મની અને જાપાનની જીડીપી અનુક્રમે ૪.૯૫ ટ્રિલિયન ડોલર અને ૫.૦૮ ટ્રિલિયન ડોલર થવાનો અંદાજ મૂકે છે જ્યારે ભારત માટે ૮.૭૨ ટકાની વૃદ્ધિનો આશાવાદી અંદાજ મૂકે છે. જો તે સાકાર થઈ જશે, તો તે વર્ષે ભારત જર્મની અને જાપાનને પાછળ છોડી દેશે. જોકે આમાં સરકારના કોઈ ખાસ પ્રયાસો જવાબદાર નથી. આ બે દેશોની સરખામણીમાં ભારતની પ્રમાણમાં ઊંચી જીડીપી વૃદ્ધિ જ ભારતને ૨૦૨૭-૨૮માં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવશે. જ્યારે ભારતની સરખામણી જર્મની સાથે કરવામાં આવે છે ત્યારે જર્મનીની અર્થવ્યવસ્થા ધીમે ધીમે બગડતી જાય છે ત્યાં ઊંચા વ્યાજ દરો ભ્રષ્ટાચાર મોંઘવારી જેવા પ્રશ્નો છે જ્યારે ભારતનું વિકસતું અર્થતંત્ર પ્રગતિ સાધી રહ્યું છે જર્મનીને ચીન સાથે કટ્ટર હરીફાઈ છે જ્યારે ભારતને આવી કોઈ કટ્ટર હરીફાઈ ચીન સાથે નથી . જર્મનીની બીજી એક મોટી મુશ્કેલી એ જ છે કે અમેરિકા સાથેના સંબંધો હવે પહેલા જવા રહ્યા નથી આના કારણે જર્મનીની પીછે હટ થઈ છે. ગઈ સાલમાં તેની અર્થવ્યવસ્થા સંકોચાઈ અને ૨૦૨૪માં પણ એમાં પાછો જીવ ફૂંકાશે એવી કોઈ આગાહી નથી. માત્ર ઉદ્યોગો જ નહીં, જર્મનીના ખેડૂતો પણ બરબાદીના રાહ પર આગેકદમ કરતા ગુસ્સામાં લાલઘૂમ છે. ઔદ્યોગિક ઉત્પાદન ઘટી રહ્યું છે અને સરકાર એમાં કાંઈ કરી શકે તેમ નથી. બર્લિનની સતત ઘરાકીની ચહલપહલવાળી બજાર ગઈ સાલ ૦.૩ ટકા સંકોચાઈ છે. જ્યાં યુરો ચલણ તરીકે વપરાય છે એવા ૨૦ દેશોમાં જર્મનીની અર્થવ્યવસ્થા સ્થિતિ સૌથી ખરાબ દેખાવ કરી રહી છે.૨૦૨૪ના વર્ષની શરૂઆત જ જર્મની માટે મનહૂસ રહી છે. જર્મનીના રસ્તાઓ અને શેરીઓ ખેડૂતોના ટ્રેક્ટરોએ જામ કરી દીધા છે અને મોટેમોટેથી વગાડવામાં આવતા એના હોર્ન જર્મનીનો ખેડૂત કેટલો નારાજ છે એની ચાડી ખાય છે.


કૃષિ માટેના બજેટમાં જે કાપ મૂકવામાં આવ્યો તે સામે ખેડૂતો સખત નારાજગી અને વિરોધ વ્યક્ત કરી રહ્યા છે. રેલવે કર્મચારીઓ વધારે પગારની માગણીના ટેકામાં હડતાળ પર છે. બધે અરાજકતા અને ટ્રાફિક જામનું જાણે કે સામ્રાજ્ય છવાઈ ગયું. બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપનું ઈન્ડસ્ટ્રિયલ પાવરહાઉસ ગણાતું જર્મની એની મહાકાય ફેક્ટરીઓ અને હાઈટેક એન્જિનિયરિંગ માટે જાણીતું હતું પણ હવે એના ઑટો ઉત્પાદકોએ ચીનમાં ઉત્પાદિત સસ્તા ઉત્પાદનો સાથે હરીફાઈ કરવાની છે અને પોતાને ત્યાં ટેક્નોલૉજી જાયન્ટ્સને આકર્ષવા અમેરિકા સાથે હરીફાઈ કરવાની છે. એક એવી છાપ ઊભી થઈ છે કે જર્મની પોતાના ઉદ્યોગોને અદ્યતન ટેક્નોલૉજી અને ડિઝિટલાઈઝેશનથી સજ્જ કરવામાં સફળ નથી રહ્યું. ગયા વર્ષની મંદીએ સરકારને લગભગ લકવો મારી ગયો હોય એ સ્થિતિએ મૂકી દીધી છે. ચાન્સેલર ઓલાફનું ગઠબંધન જર્મનીમાં અત્યાર સુધીના વડાઓની સરખામણીમાં અપ્રિયતાની ચરમસીમાએ છે. જર્મનીમાં અત્યારે ત્રણ પક્ષોનું સંયોજન રાજ કરે છે. અર્થવ્યવસ્થા માંદી હોય એટલે ભાગીદારોમાં સ્વાભાવિક રીતે ઝઘડા થાય અને દોષનો ટોપલો એકબીજા પર ઢોળવાનો પ્રયત્ન થાય. કદાચ આ કારણથી જ નવેમ્બરમાં બજેટની કટોકટી આવી ગઈ જેણે સરકારને પ્રજામાં અપ્રિય બનવાનું કામ કર્યું છે. આના દાખલા પણ દેખાવા માંડ્યા છે. પૂર્વ જર્મનીના મતદારોએ એકદમ જમણેરી ઝોક ધરાવતા વ્યક્તિને શહેરના મેયર તરીકે ચૂંટી કાઢ્યો છે, જે આવનાર સમયમાં હાલની સરકારના વિકલ્પે નેશનાલિસ્ટ પાર્ટીની વધતી જતી લોકપ્રિયતાનું સૂચન કરે છે. એક સમયે જર્મનની વિશ્વભરમાં બોલબાલા હતી જર્મન કંપનીએ ખાસ પ્રકારનું સ્ટીલ બનાવ્યું જે જર્મન સિલ્વર તરીકે જાણીતું હતું આ ધાતુના વાસણો ચાંદી અને સ્ટીલની ખૂબીઓ ધરાવતા હતા. આ અલગ પ્રકારની મેટલના વાસણોને કપડાથી ઘસવામાં આવે તો તે ચાંદીની ચમકી ઉઠતા હતા આમ ચાંદી અને સ્ટીલનું મિશ્રણ કરીને જર્મનીએ જે મેટલ બનાવી તેના વાસણો આજે એન્ટિક પીસમાં ગણાવવામાં આવે છે જર્મનીની ટેકનોલોજી એક સમયે જગતમાં સર્વોચ્ચ હતી. પરંતુ આજે જર્મનીની પીછે હટ થઈ રહી છે કારણકે ત્યાંના ઉદ્યોગો અને વિજ્ઞાન જમાના સાથે કદમ મિલાવી શક્યા નહીં બીજી બાજુ પ્રાચીન શાસ્ત્રોના આધારે જર્મનીએ જર્મની જે સંશોધન કર્યું તેનો જગતમાં જોટો જડે તેમ નથી જર્મનીના વિજ્ઞાનીકોએ પ્રાચીન ભારતના દુર્લભ ગ્રંથોનો અભ્યાસ કરીને એવું કરી બતાવ્યું કે જેને કારણે જગત આશ્ચર્યચકિત બન્યું આજે પણ પ્રાચીન સંસ્કૃતિના આધારે વૈજ્ઞાનિક સંશોધન કરવામાં જર્મનીનો જોટો જડે તેમ નથી આમ છતાં જર્મનીની પીછે હટ થઈ રહી છે અને યુરોપનું સૌથી મોટું પાવર હાઉસ આજે ઉર્જા ઉત્પન્ન કરવામાં ઝડપભેર ધીમું પડી રહ્યું છે.

**ચીન તેમજ અમેરિકા સાથે જીઓપોલિટિકલ ક્રાઇસિસ અને નવી ઔદ્યોગિક હરીફાઇ જર્મન ઉત્પાદનોની વિદેશોમાં માગ ઘટાડવાનું કામ કરે છે. છેલ્લા કેટલાક સમયથી જર્મનીની અર્થવ્યવસ્થા ડાઉન થઈ રહી છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૩૦ | ૧૫૧૮ |
| ઘઉં લોકવન | ૪૯૮ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૬૫ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૯૧૫ |
| જુવાર લાલ | ૭૫૦ | ૯૭૦ |
| જુવાર પીળી | ૪૨૫ | ૪૬૦ |
| બાજરી | ૩૭૫ | ૪૫૦ |
| તુવેર | ૧૮૦૦ | ૨૪૦૦ |
| ચણા પીળા | ૧૨૦૧ | ૧૩૩૦ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૨૨૬૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૯૦૫ |
| મગ | ૧૪૦૦ | ૧૬૯૦ |
| ચોળી | ૨૩૦૦ | ૨૯૪૮ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૧૬૬૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૩૨૧ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૨૬૮ |
| તલી | ૨૩૮૧ | ૨૬૪૧ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૧૪ |
| અજમો | ૧૬૦૦ | ૨૦૪૦ |
| સુવા | ૧૩૧૦ | ૧૬૧૮ |
| સોયાબીન | ૮૫૦ | ૮૮૦ |
| સીંગફાડા | ૧૧૫૦ | ૧૫૩૦ |
| કાળા તલ | ૨૯૧૦ | ૩૧૪૧ |
| લસણ | ૧૭૦૦ | ૩૪૦૦ |
| ધાણા | ૧૨૧૫ | ૧૫૮૦ |
| ધાણી | ૧૨૭૦ | ૧૭૬૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૭૦ |
| જીરૂ | ૪૬૫૦ | ૫૫૭૦ |
| રાય | ૧૦૦ | ૧૧૧૦ |
| મેથી | ૯૮૦ | ૧૩૫૦ |
| ઇસબગુલ | ૧૮૫૦ | ૨૩૮૪ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૯૧૫ |
| રાયડો | ૯૫૦ | ૧૦૬૦ |
| રજકાનું બી | ૪૦૫૦ | ૫૪૦૦ |
| ગુવારનું બી | ૯૮૧ | ૧૧૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૫૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૯૦૦ | ૧૬૦૦ |
| તરબુચ | ૨૬૦ | ૩૯૦ |
| બટેટા | ૩૦૦ | ૬૩૧ |
| ડુંગળી સુકી | ૨૩૦ | ૬૨૫ |
| ટમેટા | ૬૦૦ | ૮૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મુળા | ૩૮૦ | ૬૬૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૪૬૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| ટીંડોળા | ૬૦૦ | ૧૦૫૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૫૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવળ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ગલકા | ૨૫૦ | ૫૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ડુંગળી લીલી | ૭૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૨૨૦૦ | ૨૬૫૦ |
| મરચા લીલા | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૧૧૦૦ |
| મકાઇ લીલી | ૨૪૦ | ૪૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૫૦ | ૧૧૭૯ |
| શિંગ મોટી | ૧૦૫૫ | ૧૨૨૦ |
| શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૩૦ |
| શિંગ ફાડા | ૧૨૦૦ | ૧૫૮૮ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૨૨૯૦ | ૩૨૮૫ |
| તલ કાશ્મીરી | ૨૯૪૫ | ૩૦૮૩ |
| બાજરો | ૩૭૦ | ૪૬૦ |
| જુવાર | ૪૦૦ | ૮૭૦ |
| ઘઉં ટુકડા | ૪૫૯ | ૫૯૫ |
| ઘઉં લોકવન | ૪૬૭ | ૫૭૦ |
| મગ | ૧૪૫૦ | ૧૬૧૨ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૨૦ |
| તુવેર | ૧૮૦૫ | ૨૨૬૦ |
| કપાસ | ૯૫૩ | ૧૪૯૯ |
| એરંડા | ૮૧૦ | ૧૦૭૭ |
| જીરું | ૩૫૦૦ | ૫૫૫૫ |
| રાયડો | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ઈસબગુલ | ૧૯૯૦ | ૨૩૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મેથી | ૯૫૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૫૫ | ૮૬૭ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૫૪૦ |
| રીંગણાં | ૩૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૪૫૦ |
| ટામેટા | ૮૦૦ | ૧૨૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૨૫૦ | ૪૦૦ |
| કરેલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ચોળાલીલાં | ૧૫૦૦ | ૧૬૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૨૫૦૦ | ૨૮૦૦ |
| કોથમીર | ૧૩૦૦ | ૧૪૦૦ |
| મેથીભાજી | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ફુદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૯૦૦ | ૧૦૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૬૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૫૦૦ |
| લસણ સૂકું | ૨૮૦૦ | ૫૦૦૦ |
| લીંબુ | ૭૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૪૭૧ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૫૧ |
| સિંગ ફાડીયા | ૧૦૧૧ | ૧૬૨૧ |
| એરંડા / એરંડી | ૭૨૧ | ૧૧૨૧ |
| જીરૂ | ૪૬૭૬ | ૫૬૦૧ |
| વરીયાળી | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ધાણા | ૮૦૧ | ૧૭૪૧ |
| મરચા સૂકા પટ્ટો | ૭૫૧ | ૨૨૫૧ |
| લસણ સુકું | ૧૧૮૧ | ૩૬૭૧ |
| ડુંગળી લાલ | ૧૯૬ | ૫૯૧ |
| અડદ | ૧૩૭૧ | ૧૯૩૧ |
| મઠ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૩૨૧ | ૨૩૭૧ |
| રાયડો | ૯૦૧ | ૧૦૧૧ |
| રાય | ૧૦૧૧ | ૧૨૨૧ |
| મેથી | ૭૭૬ | ૧૧૬૧ |
| સુવાદાણા | ૧૪૦૧ | ૧૪૦૧ |
| કાંગ | ૮૬૧ | ૮૭૧ |
| કારીજીરી | ૨૪૫૧ | ૨૪૫૧ |
| સુરજમુખી | ૭૨૬ | ૭૫૧ |
| સફેદ ચણા | ૧૩૩૧ | ૨૧૨૧ |
| તલ – તલી | ૧૭૫૧ | ૨૬૦૧ |
| ઇસબગુલ | ૭૦૧ | ૨૪૭૧ |
| ધાણી | ૯૦૧ | ૧૯૦૧ |
| બાજરો | ૩૬૧ | ૪૬૧ |
| જુવાર | ૪૨૧ | ૮૯૧ |
| મકાઇ | ૪૬૧ | ૬૨૧ |
| મગ | ૧૩૭૬ | ૧૭૬૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૩૪૧ |
| વાલ | ૫૧૧ | ૧૫૫૧ |
| વાલ પાપડી | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ચોળા / ચોળી | ૧૦૦૧ | ૩૩૦૧ |
| સોયાબીન | ૭૮૧ | ૮૭૬ |
| રજકાનું બી | ૨૩૦૧ | ૨૩૦૧ |
| ગોગળી | ૮૫૧ | ૧૧૭૧ |
| વટાણા | ૬૫૧ | ૧૪૫૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૩૦ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૬૨૦ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૨૦ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૨૭૦ |
| જીરૂ | ૪૭૦૦ | ૫૫૦ |
| કપાસ | ૧૨૧૦ | ૧૪૬૦ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૧ |
| બાજરો | ૩૬૦ | ૫૦૩ |
| જુવાર | ૪૫૧ | ૮૮૧ |
| મકાઈ | ૪૨૫ | ૫૯૪ |
| મગ | ૧૫૫૦ | ૧૬૮૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૬૮૦ |
| ચણા | ૧૧૫૨ | ૧૩૩૦ |
| તુવેર | ૨૧૦૦ | ૨૪૫૫ |
| એરંડી | ૧૦૪૭ | --- |
| રજકો બીજ | ૩૬૦૦ | --- |
| ધાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૮૫૨ | --- |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૦ |
| બાજરો | ૩૦૦ | ૪૧૫ |
| જુવાર | ૪૦૦ | ૭૫૦ |
| મગ | ૧૦૫૦ | ૧૬૦૬ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૦૫ |
| તુવેર | ૯૮૦ | ૨૦૦૦ |
| મગફળી | ૮૦૦ | ૧૧૫૧ |
| શિંગ ફાડા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૨૦ |
| મેથી | ૮૦૦ | ૯૦૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૫૨૧૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૭૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૬૫ | ૧૫૧૫ |
| મગફળી | ૧૦૮૦ | ૧૧૨૦ |
| તલ સફેદ | ૨૪૧૫ | ૨૪૪૫ |
| ચણા | ૧૧૭૨ | ૧૩૦૮ |
| ઘઉં | ૪૭૫ | ૫૪૫ |
| જીરૂ | ૪૩૯૫ | ૫૫૦૫ |
| એરંડા | ૯૮૫ | ૧૦૦૫ |
| મગ | ૧૪૦૫ | ૧૪૫૫ |
| બાજરો | ૪૦૬ | ૪૨૪ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૪૫૨ |
| મગફળી | ૧૦૫૦ | ૧૦૯૧ |
| ઘઉં | ૪૪૫ | ૫૧૭ |
| ચણા | ૧૧૭૦ | ૧૨૮૦ |
| તુવેર | ૧૭૫૦ | ૧૭૫૦ |
| મગ | ૧૫૭૦ | ૧૭૦૦ |
| તલ | ૨૩૬૬ | ૨૫૧૨ |
| શીંગ ફાડા | ૧૪૯૫ | ૧૪૯૫ |
| શીંગ દાણા | ૧૧૫૫ | ૧૮૧૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૬૦ |
| એરંડા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| **રાજુલા** | | |
| શીગ | ૧૦૦૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૨૦૦૧ | ૨૬૦૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૭૦ |
| બાજરો | ૪૧૨ | ૫૦૭ |
| ઘઉ ટુકડા | ૩૦૦ | ૬૦૦ |
| જુવાર | ૪૪૦ | ૯૦૯ |
| મગ | ૯૦૦ | ૧૬૭૦ |
| અડદ | ૧૮૨૦ | ૧૮૨૦ |
| તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ચણા | ૧૨૧૦ | ૧૨૭૨ |
| એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| શીંગદાણા | ૧૧૫૦ | ૧૪૫૨ |
| સોયાબીન | ૮૦૦ | ૮૩૨ |
| રાય | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ઘાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૭૬ | ૧૩૬૧ |
| જુવાર સફેદ | ૭૬૨ | ૮૬૭ |
| જુવાર પીળી | ૩૮૦ | ૩૮૦ |
| તલ સફેદ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| બાજરો | ૫૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૬૫૧ | ૧૬૫૧ |
| જીરૂ | ૫૨૦૦ | ૫૨૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૦૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૮૮૪ | ૪૯૦ |
| જુવાર | ૭૯૦ | ૮૧૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૨૬ |
| સીંગફાડા | ૧૩૨૦ | ૧૪૧૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૫૫ |
| મગ | ૧૩૦૦ | ૧૫૪૫ |
| રાય | ૯૬૦ | ૯૬૦ |
| મગફળી | ૮૦૦ | ૧૦૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૩૦૫ | ૧૩૦૫ |
| મેથી | ૬૦૦ | ૧૦૦૦ |
| એરંડી | ૯૦૦ | ૯૦૦ |
| વાલ | ૫૦૦ | ૫૦૦ |
| **મહુવા** | | |
| શીંગ-મગડી | ૧૦૬૦ | ૧૩૬૬ |
| શીંગ ૩૯ | ૭૨૫ | ૧૨૯૦ |
| શીંગ જી-૨૦ | ૧૦૭૮ | ૧૨૬૭ |
| એરંડા | ૩૦૦ | ૧૦૭૦ |
| જુવાર | ૩૮૦ | ૯૧૬ |
| બાજરી | ૩૨૦ | ૪૮૬ |
| ઘંઉ ટુકડા | ૪૦૦ | ૬૩૭ |
| મેથી | ૩૦૨ | ૩૦૨ |
| અડદ | ૮૨૫ | ૨૦૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૬૪૨ | ૮૩૫ |
| ધાણા | ૧૨૮૫ | ૧૨૮૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૮૩ |
| તલસફેદ | ૧૫૦૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૨૮૫૦ |
| તુવેર | ૧૮૯૭ | ૨૧૦૦ |
| જીરૂ | ૪૩૬૧ | ૫૧૦૦ |
| ડુંગળી લાલ | ૧૯૯ | ૫૭૩ |
| ડુંગળી સફેદ | ૧૩૫ | ૩૨૫ |
| કપાસ | ૪૧૦ | ૯૧૫ |
| નાળીયેર | ૫૦૪ | ૨૧૮૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૭૦ | ૧૩૨૩ |
| મગફળી ૩૨ નં | ૧૧૩૦ | ૧૨૩૪ |
| બાજરી | ૩૮૦ | ૪૫૨ |
| ઘઉં | ૪૫૦ | ૫૬૪ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૦૬ |
| સફેદ તલ | ૨૦૫૦ | ૨૬૭૬ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૨૦૦ |
| સોયાબીન | ૮૪૦ | ૮૯૯ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૦૩૪ |
| કપાસ | ૧૨૭૦ | ૧૬૦૫ |
| જુવાર | ૭૫૦ | ૮૩૩ |
| અડદ | ૧૬૧૧ | ૧૯૬૬ |
| મગ | ૧૨૦૦ | ૧૮૬૮ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૮૮ |
| રજકો | ૩૩૦૦ | ૪૯૦૦ |

## શબ્દ સંજોગ-૧૮૨૨



**આડી ચાવી :**
(૧) ---વાંકી હોય તો ઊંટ પર બેઠા હોઈએ તો પણ કૂતરા કરડે (૪)
(૪) સૂર્ય જેની પાછળ આથમે છે તે કાલ્પનિક પર્વત (૪)
(૭) ગુદામાં થતો એક રોગ (૩)
(૮) ચીજ, પદાર્થ (૨)
(૯) તારું (૨)
(૧૦) પવન ભરાઈને વહાણને ગતિ મળે તે માટે વહાણના થાંભલાને બાંધવામાં આવતું કપડું (૨)
(૧૧) સગા સૌ---ના (૨)
(૧૨) હિમાલયની ઉતરનો એક દેશ (૩)
(૧૫) બાગ, બગીચો (૨)
(૧૭) નિવાસ સ્થાન (૪)
(૧૯) બખું, પોલાણ (૩)
(૨૦) અમદાવાદથી મુંબઈ જતાં રેલ્વે માર્ગમાં આવતું એક સ્ટેશન (૪)
(૨૩) રામ મર્યાદા પુરુષોતમ તો કૃષ્ણ (૭)
(૨૮) ઢીલ, વખત (૨)
(૨૯) હું તો મારે---જઈશ રંગ મોરલી (૪)

**ઊભી ચાવી :**
(૧) લગ્ન વખતે હસ્તમેળાપ પૂર્વ કરાતી એક વિધિ (૪)
(૨) પ્રત્યેક, દરેક (૨)
(૩) એક સંખ્યા (૨)
(૪) ભલે, ખેર (૨)
(૫) ચોથું (૩)
(૬) પાણીનો પર્યાય થયો અવળો (૨)
(૮) મરચાં તો અહીંના (૪)
(૧૩) રુદ્રાક્ષના મણકાની માળા (૩)
(૧૪) માગવા જતાં જાચક રોજ સંભળાવે તે ઉક્તિ (૩)
(૧૬) સવાર થવું તે (૩)
(૧૮) ઝરવું, ચૂવું કે ટપકવું તે (૨)
(૧૯) એક પક્ષીની માદા (૩)
(૨૦) ઉત્તમ પુરુષ (૪)
(૨૧) પત્નીની બહેન (૨)
(૨૨) ઉખાડીને રોપવા માટે ઉછેરેલો રોપો (૨)
(૨૪) જવાળામુખીમાંથી નીકળતો ગરમ રસ (૨)
(૨૫) શહેર, ભરેલું (૨)
(૨૬) પૃથ્વી (૨)
(૨૭) ધરપત, વિશ્વાસ (૨)

## શબ્દ સંજોગ-૧૮૨૧ જવાબ

**આડી ચાવી:** (૧) ન્યર્બુદ (૩) અદા (૫) સમો (૬) મહેમદાવાદ (૮) કડી (૯) મનખો (૧૧) માળી (૧૩) જાન (૧૪) ચૂવાચંદન (૧૫) આડું (૧૬) પાનો (૧૯) બળદ (૨૧) રિવાજ (૨૨) નોબત (૨૩) રસોઈ (૨૪) કવન
**ઊભી ચાવી:** (૧) ન્યસ્ત (૨) હમડી (૩) અમન (૪) દાદા (૫) સદન (૭) વામન (૮) કળીચૂનો (૧૦) ખોરડું (૧૨) પ્રચંડ (૧૩) જાનકી (૧૫) આસળ (આળસ) (૧૬) પાયોરિયા (૧૭) ગજર (૧૮) જનોઈ (૧૯) બતક (૨૦) દર્શન

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# આણંદમાંથી દેશની વિવિધ યુનિવર્સિટીની બોગસ માર્કશીટ મળી આવતા ખળભળાટ

આણંદ, તા.૨૦

એક તરફ નીટના પરિણામનો મુદ્દો આખા દેશમાં ઉછળી રહ્યો છે. બીજી તરફ ગુજરાતના આણંદમાં બોગસ માર્કશીટ કૌભાંડનો પર્દાફાશ થયો છે. માત્ર ગુજરાત જ નહીં, આરોપી પાસેથી દેશના અનેક રાજ્યની યુનિવર્સિટીની નકલી માર્કશીટ મળી આવી છે. દેશની જુદી-જુદી યુનિવર્સિટીની બનાવટી માર્કશીટ અને પ્રમાણપત્ર સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. વિદ્યાનગર રોડ પર આવેલા ક્રિષ્ના સફર કોમ્પ્લેક્ષના ચોથા માળે વિઝા કન્સલ્ટન્સી ઓફિસમાં પોલીસે દરોડા પાડ્યા હતા. જેમાં આરોપીની ઓફિસમાંથી જુદી-જુદી યુનિવર્સિટીના નકલી પ્રમાણપત્રો મળી આવ્યા છે. જેમાં ન્યુ દિલ્હી સ્કૂલ બોર્ડની- ૧૦, એસપીયુની- ૩૪, મહારાષ્ટ્ર બોર્ડની- ૦૬, એમ.પી.સી. કોલેજ અમરાવતી, મહારાષ્ટ્રની- ૦૨, બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટી, લોનેર, મહારાષ્ટ્રની- ૦૯, એમએસ યુ., વડોદરાની- ૧૩, પંજાબ બોર્ડની- ૦૩, હરિયાણા બોર્ડની- ૦૫, કુરૂક્ષેત્ર યુનિવર્સિટી હરિયાણાની- ૬, હરિયાણા સ્ટેટ બોર્ડની- ૦૧, સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ, યમુનાનગર, દિલ્હીની- ૧ માર્કશીટ મળી છે. માર્કશીટ કૌભાંડમાં કુલ ૯૦ સર્ટિફિકેટ મળી આવ્યા. આ ઉપરાંત વિદેશ જવા ઈચ્છતા લોકો કે જેમની પાસે અભ્યાસનું સર્ટિ. ન હોય તેની પાસેથી ૨-૨ લાખ રૂપિયા લઈને આરોપી નકલી સર્ટિફિકેટ આપતો હતો. પોલીસે આરોપીની ઓફિસમાંથી એક લેપટોપ, બે મોબાઈલ મળી કુલ ૯૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# અમદાવાદમાં સમાધાન વચ્ચે તલવારો ઉડી : બે લોકોની હત્યા

## શહેરમાં કાયદો વ્યવસ્થાના લીરેલીરા ઉડયા

અમદાવાદ,તા.૨૦



અમદાવાદ શહેરમાં ભગવાન જગન્નાથની રથયાત્રાને લઈને તડામાર તૈયારીઓ થઈ રહી છે, પરંતુ ગુનેગારો પર ગાળીયો કસવાને બદલે ગુનેગારો બેફામ બનીને રસ્તામાં તલવારો લઈને ફરી રહ્યા છે. વેજલપુરમાં ટપોરી બિલ્ડરને પોલીસે મદદ કરી, ત્યારબાદ જાહેરમાં હત્યા થઈ અને વેજલપુર પોલીસ માત્ર વાતો કરતી રહી. ત્યારબાદ હવે ફરી ગોમતીપુરમાં પણ એવી જ સ્થિતિ સામે આવી છે. જેમાં જુના ઝઘડાની અદાવતનું સમાધાન કરવા માટે બોલાવવામાં આવતાં આરોપીઓ તલવારો સાથે પહોંચ્યા હતાં. જે બાદ સમાધાનની જગ્યાએ એકબીજા પર તલવારોથી ખૂની હુમલો કર્યો હતો. જેમાં બે લોકોના મોત નિપજ્યાં છે અને એક વ્યક્તિને ઈજા પહોંચી છે. રોજબરોજની ઘટનાથી હવે અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થા સામે નવા પડકારો ઉભા થયા છે.

# રાજુલામાં સ્વામિનારાયણ મંદિર પાસે અકસ્માત



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૦

રાજુલામાં મહુવા-સાવરકુંડલા રસ્તો ભેગો થતો હોવાથી છાશવારે આ માર્ગ પર અકસ્માત સર્જાય છે. જેમાં આજરોજ સ્વામિનારાયણ મંદિર પાસે અકસ્માત થતા અંબાબેન જાદવભાઈ ટાંક નામની વૃધ્ધાને ગંભીર હાલતમાં સારવાર અર્થે ભાવનગર ખાતે ખસેડવામાં આવ્યા છે.

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ૬૬મો 'વિચારોનું વાવેતર' કાર્યક્રમ યોજાયો


સુરત,તા.૨૦



સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ગુરુવારે, ૨૦ જૂન, ૨૦૨૪ ના રોજ વરાછા બેંક ઓડિટોરિયમ, વ્રજચોક ખાતે "વિચારોનું વાવેતર" શ્રેણીના ૬૬મા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે કેવી રીતે નકારાત્મક વિચારો માનસિક તણાવ અને ડિપ્રેશન તરફ દોરી શકે છે, જેના ગંભીર પરિણામો આવી શકે છે. તેમણે ડિપ્રેશનના લક્ષણો અને તેનાથી બચવાના ઉપાયો વિશે પણ માહિતી આપી હતી. જાણીતા સાયકો થેરાપિસ્ટ ડૉ. ઉર્વેશ ચૌહાણે તણાવના સ્ત્રોતો અને તેના નિયંત્રણ માટેની રણનીતિઓ શેર કરી હતી. તેમણે હકારાત્મક અભિગમ, યોગ, કસરત અને ધ્યાન જેવી તકનીકોનો ઉપયોગ કરીને તણાવને કેવી રીતે મેનેજ કરવો તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. ૧૦૨ વર્ષીય નાનજીભાઈ કાનજીભાઈ ગોલકિયા, જેમણે પોતાના લાંબા અને સ્વસ્થ જીવનનો અનુભવ શેર કર્યો. તેમણે નિયમિત દિનચર્યા, સકારાત્મક વલણ અને સક્રિય રહેવાનું મહત્વ સમજાવ્યું હતું.

# રાજ્યમાં ટોપટેનમાં સતત સ્થાન જાળવી રાખતી એપીએમસી મહુવા

મહુવા, તા.૨૦



ગુજરાતભરમાં કુલ ૨૨૪ એપીએમસી છે. તેમાં છેલ્લા દસકાથી ટોપટેનમાં મહુવા એપીએમસીએ સતત સ્થાન જાળવી રાખ્યું છે. ગત તા. ૧૮ ના રોજ સમગ્ર રાજયના એપીએમસીઓના સંગઠન એવા ગુજરાત નિયંત્રિત બજાર સંઘ અમદાવાદ દ્વારા આવકની દ્રષ્ટિએ પ્રથમ દસ એપીએમસીનું સન્માન કરવામાં આવે છે. જેમાં મહુવા એપીએમસીનું પણ સન્માન કરવામાં આવ્યુ છે. વર્ષ ૨૦૨૩/૨૪ના વર્ષમાં મહુવા યાર્ડે રૂ.૧૧.૧૧ કરોડની માતબર આવક કરી છે. તેમાં ખર્ચ બાદ કરતા રૂ. ૫ કરોડ ઉપરાંતની બચત કરી છે. યાર્ડના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલના માર્ગદર્શન અને કાર્યકાળમાં છેલ્લા ૨૦ વર્ષથી યાર્ડ સતત પ્રગતિ કરી રહ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઘનશ્યામભાઈ પટેલ છેલ્લા બે વર્ષથી ગુજરાત નિયંત્રિત બજાર સંઘના ચેરમેન તરીકે પણ છે.

# કોડીનારમાં ત્રણ ગામને જોડતા રસ્તાનું કામ જલદી પૂર્ણ કરવા આવેદનપત્ર

કોડીનાર તા.૨૦



કોડીનાર તાલુકાના મિતિયાજ, કરેડાના રસ્તાનું કામ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ નોન પ્લાનીંગ કામ મંજૂર થયેલ અને ખાતમુહૂર્ત કર્યા બાદ કામ ચાલુ થયું હતું. જેમાં અંદાજે ૩૦૦ મીટરનું કામ અટકાવેલ છે તે ત્વરીત ચાલુ કરાવવા કોડીનાર મામલતદારને ત્રણ ગામના લોકોએ સાથે મળીને આવેદનપત્ર પાઠવ્યું હતું. જે મુજબ ચોમાસાની સિઝનમાં ખેડૂતોએ આવવા જવામાં તેમજ માલઢોર, સામાન લઈ જવા લાવવામાં ખુબ જ મુશ્કેલી ઉભી થાય તેમ છે. તેથી તાત્કાલીક ધોરણે એજન્સીને પુરતું પોલીસ પ્રોટેકશન આપીને અટકેલું કામ પૂર્ણ કરવા આવેદનપત્રમાં જણાવાયું હતું.

# દીવના નાગવા બીચના દરિયામાં ડૂબેલા યુવકનો મૃતદેહ મળ્યો

ઉના,તા.૨૦



તસવીર : કૈલાશ ભટ્ટ

દીવના નાગવા બીચના દરિયામાં કચ્છના માંડવી ગામના દીપ શાહ અને અર્શ ત્રિવેદી નામના બે યુવકો નાગવા ખોડિધાર બીચ પર ન્હાતા હતા. અચાનક દરિયાનું મોજું આવતા દીપ શાહ નામનો યુવક તણાઈ ગયો હતો અને અર્શ ત્રિવેદીએ તેને બચાવવા માટે પ્રયત્ન કર્યા હતા. પરંતુ બંને મિત્રો દરિયાના પાણીના મોજામાં તણાઈ ગયા હતા, પરંતુ અર્શ ત્રિવેદીનો આબાદ બચાવ થયો હતો. આ ઘટનાની દીવ ફાયર બ્રિગેડને જાણ થતાં રેસ્કયુ ટીમના જવાનો તથા પોલીસ સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. અને દરિયામાં ગુમ થયેલ દીપ શાહ નામના યુવકની દીવ તંત્ર દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવતા તેનો મૃતદેહ મળ્યો હતો.

# ડોળાસા વિસ્તારમાં મેઘરાજાની કાગડોળે રાહ જોતા ધરતીપુત્રો



ડોળાસા તા.૨૦

ડોળાસા વિસ્તારમાં છેલ્લાં લાંબા સમયથી ભારે ઉકળાટ અને અસહ્ય ગરમીની સાથે કાળઝાળ તડકો પડી રહ્યો છે. જેના કારણે ખૂબ ટૂંકા સમયમાં ડોળાસા અને આજુબાજુના ગામોમાં આવેલા નદી, નાળા, તળાવ, ડેમ તળીયાઝાટક થયા છે એટલું જ નહિ તળમાંથી પણ પાણી ઓસરવા લાગ્યા છે. જે હાલ ચિંતાનો વિષય છે. ગત રાત્રિના ત્રણ વાગ્યે મેઘરાજાએ વરસાદનો માહોલ તો બનાવી દીધો હતો પણ મન મૂકીને વરસ્યા નહોતા. ડોળાસા પંથકના ખેડૂતો વાવણી જોગ વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.


## બગસરાની જાહેર જનતા જોગ

બગસરા સફાઈ કર્મચારીઓ દ્વારા ચાલતી હડતાલનો સુખદ અંત આવેલ છે. જેમાં બગસરા નગરપાલિકા દ્વારા બગસરા નગરપાલિકાના કર્મચારીઓની તમામ માંગણીઓનું સંતોષ કારક નિવારણ કરી આપતા સફાઈ કર્મચારીઓના આંદોલનનો સુખદ અંત આવેલ છે.જે બગસરાની જાહેર જનતા એ જાણ નોંધ લેવી

બગસરા નગરપાલિકા

જયોત્સનાબેન એ.રિબડીયા
પ્રમુખ

ભાવનાબેન ગૌસ્વામી
ચીફ ઓફિસર


# ધોરાજી-ઉપલેટા પંથકમાંથી રેતી ચોરી કરનારાઓ સામે તંત્રની કાર્યવાહી

ધોરાજી,તા.૨૦



તસવીર : નયન ફુહાડીયા

ધોરાજી ઉપલેટા પંથકમાં ભાદર, મોજ, વેણુ નદીમાં ખનીજ ચોરીની લોક ફરિયાદો ઉઠી હતી. આ ખનીજ ચોરી ડામવા માટે તંત્ર દ્વારા ચેકીંગ તપાસ ઝુંબેશ હાથ ધરાઈ હતી. ગધેથડ નાગવદર ગામમાંથી પસાર થતી વેણુ નદીમાંથી સાદી રેતી ખનીજના ગેરકાયદે ખનન વહન મામલે એક હીટાચી મશીન, એક રેતી ભરેલ ટ્રક તેમજ બે ટ્રેક્ટર મળી કુલ રૂ. ૭૫,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ ઝડપી પાડી અને સીઝ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખાણ ખનીજ વિભાગ અધિકારી અંકિતભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે ખાણ ખનીજ વિભાગની ટીમે તપાસ હાથ ધરીને ગધેથડ નાગવદર ગામમાંથી પસાર થતી વેણુ નદીમાંથી સાદી રેતી ખનીજના ગેરકાયદે ખનન વહન મામલે એક હીટાચી મશીન, એક રેતી ભરેલ ટ્રક તેમજ બે ટ્રેક્ટર મળી કુલ રૂ. ૭૫,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ ઝડપી પાડીને સીઝ કરીને ભાયાવદર પોલીસ મથક ખાતે સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સા.કુંડલા શહેરમાં આજે ગેરકાયદેસર દબાણ દૂર કરાશે

સાવરકુંડલા,તા.૨૦

સાવરકુંડલા શહેરમાં જાહેર રસ્તાઓ ઉપર ગેરકાયદેસર રીતે દબાણ થવાથી જાહેર જનતા તેનો ઉપયોગ કરી શકતી નથી અને તેનાથી સરકારની યોજનાઓનો લાભ લોકોને પુરતા પ્રમાણમાં મળી શકતો નથી તેમજ ટ્રાફિકની સમસ્યા પણ ઉભી થાય છે અને અવારનવાર અકસ્માતનાં બનાવો પણ બનવા પામે છે. જેથી લાગતા વળગતા તમામને સાવરકુંડલા નગરપાલિકા દ્વારા જાહેર નોટીસથી જાણ કરેલ હતી કે જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૫ માં જે વ્યકિતઓ દ્વારા નગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ જાહેર રોડ તેમજ ખુલ્લી જગ્યા ઉપર ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલ છાપરા, કેબીનો, માલસામાન, ઓટા કે અન્ય કોઈ સ્વરૂપનું દબાણ કરેલ હોય તો તે સ્વૈચ્છીક રીતે હટાવી જમીન ખુલ્લી કરવા જાણ કરવામાં આવી હતી. જેથી આજરોજ કોઈપણ પ્રકારની જાણ કર્યા સિવાય સમગ્ર તંત્ર સાથે સંકલનમાં રહી નગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ જાહેર રોડ તેમજ જાહેર ખુલ્લી જગ્યાઓ ઉપર ગેરકાયદેસર દબાણ કરનારને પેનલ્ટી, દંડ વસુલ કરી જમીન ખુલ્લી કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેવા પાલિકાએ જણાવ્યું છે.


## સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

જન્મ નોંધ અરજી રજી.નં.૩૩/૨૦૨૪

**અરજદાર:** (૧) શ્રી સુખાભાઈ ડોસાભાઈ પરમાર
રે.વાલ્મીકીનગર,રામાપીર મંદિર પાસે,અમરેલી રોડ, સાવરકુંડલા,
તા. સાવરકુંડલા, જિ.અમરેલી,
(૨) અરજદારના વકીલશ્રી આર.કે. વાઘેલા
રે. જુના બસ સ્ટેન્ડ પાસે,સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા,
તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વાલ્મીકીનગર, રામાપીર મંદિર પાસે, અમરેલી રોડ, સાવરકુંડલા ગામના રહીશ શ્રી સુખાભાઈ ડોસાભાઈ પરમાર એ તેમના ભત્રીજા નો જન્મ સાવરકુંડલા મુકામે તા.૦૧/૦૬/૧૯૭૧ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રી સુખાભાઈ ડોસાભાઈ પરમાર ના ભત્રીજા શ્રી રમેશભાઈ મનજીભાઈ પરમારના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૧ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૩/૦૭/૨૦૨૪ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૮/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા

## સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

જન્મ નોંધ અરજી રજી.નં.૬૯/૨૦૨૪

**અરજદાર:** (૧) શ્રી પોપટભાઈ કાનજીભાઈ માંગુકીયા
રે.પાંચતલાવડા, તા. લીલીયા, જિ.અમરેલી,
(૨) અરજદારના વકીલશ્રી રાજુભાઈ બી. ખુમાણ
રે. ઓફિસ નં.૧૧૩, ગણેશ કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે,
મહુવા રોડ,સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** તલાટી કમ મંત્રી- વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
પાંચતલાવડા, તા.લીલીયા, જિ.અમરેલી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના પાંચતલાવડા ગામના રહીશ શ્રી પોપટભાઈ કાનજીભાઈ માંગુકીયાએ તેમના ભત્રીજીનો જન્મ પાંચતલાવડા મુકામે તા.૧૦/૦૨/૧૯૭૯ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રી પોપટભાઈ કાનજીભાઈ માંગુકીયા ના ભત્રીજી શ્રી રેખાબેન પરશોતમભાઈ માંગુકીયા ના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૯ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૨/૦૭/૨૦૨૪ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૧/૦૬/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા

## સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

જન્મ નોંધ અરજી રજી.નં.૭૨/૨૦૨૪

**અરજદાર:** (૧) શ્રી રૂષિકકુમાર દેવરાજભાઈ ચોંડાગર
રે.નોંધણવદર, તા.પાલીતાણા, જિ.ભાવનગર
(૨) અરજદારના વકીલશ્રી રાજુભાઈ બી. ખુમાણ
રે. ઓફિસ નં.૧૧૩, ગણેશ કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે,
મહુવા રોડ,સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** તલાટી કમ મંત્રી- વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
પાંચતલાવડા, તા.લીલીયા, જિ.અમરેલી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, રૂષિકકુમાર દેવરાજભાઈ ચોંડાગર એ તેમના પોતાનો જન્મ પાંચતલાવડા મુકામે તા.૧૫/૦૮/૧૯૯૧ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રી રૂષિકકુમાર દેવરાજભાઈ ચોંડાગર ના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૯૧ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૯/૦૭/૨૦૨૪ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૦૬/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા

યોગી આદિત્યનાથ સહિતના રાજકિય આગેવાનોએ પણ શુભકામના પાઠવી

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને જન્મદિવસ પર સારા સ્વાસ્થ્યની શુભકામના પાઠવતા પ્રધાનમંત્રી મોદી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦

દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે તેમનો ૬૬મો જન્મદિવસ ઉજવ્યો હતો. આ ખાસ અવસર પર તેમને દુનિયાભરમાંથી શુભકામનાઓ અને સંદેશાઓ મળ્યા હતાં. દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ બનનાર દેશના પ્રથમ આદિવાસી મહિલા છે, જે સમગ્ર વિશ્વમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે, તેઓ ઓડિશાના એક નાનકડા ગામ ઉપરબેડાના વતની છે. રાષ્ટ્રપતિએ આજે તેમના દિવસની



શરૂઆત દિલ્હીમાં જગન્નાથ મંદિરની સાદી મુલાકાતથી કરી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સોશિયલ મીડિયા પોસ્ટ પર લખ્યું – 'જય જગન્નાથ આજે દિલ્હીના જગન્નાથ મંદિરની મુલાકાત લીધી અને પ્રાર્થના કરી કે તમામ દેશવાસીઓ સારા રહે અને આપણો દેશ પ્રગતિના નવા દાખલા સ્થાપિત કરતો રહે.' વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તેમના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી હતી અને તેમના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની કામના કરી હતી. રાષ્ટ્રપતિને જન્મદિવસની શુભેચ્છા. રાષ્ટ્ર પ્રત્યેની તેમની અનુકરણીય સેવા અને સમર્પણ આપણને બધાને પ્રેરણા આપે છે. તેમનું જ્ઞાન અને ગરીબો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોની સેવા કરવા પરનો ભાર એક મજબૂત માર્ગદર્શક બળ છે.

ભારે ગરમીને કારણે પક્ષીઓ આકાશમાં ઉડવાને બદલે જમીન પર પડી રહ્યાં છે

# ઓહ માય ગોડ! ગરમીને કારણે સમગ્ર દેશમાં ૪૦ હજારથી વધુ હીટસ્ટ્રોકના કેસ નોંધાયા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦

જળવાયુ પરિવર્તનની અસર સમગ્ર વિશ્વ પર દેખાઈ રહી છે. કેટલીક જગ્યાએ ગરમી જોવા મળી શકે છે તો અન્ય સ્થળોએ વરસાદ જોવા મળી શકે છે. ભારતના ઘણા ભાગોમાં ગરમીના કારણે અરાજકતા છે. દરરોજ લોકોના મોતના સમાચાર આવે છે. તાપમાને તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. અત્યાર સુધીમાં તે ૫૦ ડિગ્રીને પાર કરી ગયું છે. દરમિયાન અધિકારીઓએ જણાવ્યું કે આ ઉનાળાની સિઝનમાં અત્યાર સુધીમાં



૪૦ હજારથી વધુ હીટસ્ટ્રોકના કેસ નોંધાયા છે. આકરી ગરમીએ દેશભરમાં સોથી વધુ લોકોના જીવ લીધા હતા. જ્યારે ઉત્તર-પૂર્વના કેટલાક ભાગો ભારે વરસાદને કારણે પૂરનો સામનો કરી રહ્યા છે.

વૈજ્ઞાનિકોનું કહેવું છે કે માનવીય ગતિવિધિઓ આબોહવા પર નોંધપાત્ર અસર કરી રહી છે. જેના કારણે સમગ્ર એશિયામાં અબજો લોકો ભારે ગરમીથી ત્રસ્ત છે. ઉત્તર ભારતમાં તાપમાન લગભગ ૫૦ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જે અત્યાર સુધીના સૌથી લાંબા હીટવેવ પૈકી એક છે. આકરી ગરમીનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે બિચારા પક્ષીઓ આકાશમાં ઉડવાને બદલે જમીન પર પડી રહ્યાં છે. હોસ્પિટલોમાં ગરમીથી પીડિત દર્દીઓની સંખ્યા વધી રહી છે. બપોરના સમયે લોકો અગત્યના કામ માટે પણ ઘરની બહાર નીકળી શકતા નથી.

# કેજરીવાલને જામીન મળ્યા : આજે જેલની બહાર આવે તેવી શક્યતા

નવીદિલ્હી,તા.૨૦

ન્યૂ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે ગઈકાલે ગુરૂવારે દિલ્હી લિકર પોલિસી કૌભાંડના મની લોન્ડરિંગ કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા હતા. તે શુક્રવારે જેલમાંથી બહાર આવી શકે છે. બીજી તરફ ઈડીએ જામીન સામે અપીલ કરવા માટે ૪૮ કલાકનો સમય માંગ્યો છે. કોર્ટે કહ્યું કે આવતીકાલે ડ્યુટી જજ સમક્ષ આ દલીલો થઈ શકે છે. કોર્ટે તેમને ૧ લાખ રૂપિયાના જામીન



બોન્ડ ભરવા જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે લોકસભા ચૂંટણી માટે ૨૧ દિવસના વચગાળાના જામીન આપ્યા હતા. કેજરીવાલને ૧ એપ્રિલે તિહાર જેલમાં મોકલવામાં આવ્યા હતા.

રાઉઝ એવન્યુ કોર્ટમાં આજે સતત બીજા દિવસે જામીન અરજીની સુનાવણી સવારે થઈ હતી. ન્યાયાધીશ ન્યાયબિંદુની વેકેશન બેન્ચે ઈડી અને કેજરીવાલની દલીલો સાંભળ્યા બાદ નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

જાતિ ગણતરી બાદ અનામત મર્યાદા ૫૦ ટકાથી વધારીને ૬૫% કરવાનો નિર્ણય લેવાયો હતો

# અનામત મર્યાદા વધારવાના મામલે નીતિશ સરકારને ઝટકો આપતી હાઈકોર્ટ

(એ.આર.એલ),પટણા,તા.૨૦

પટણા હાઈકોર્ટ તરફથી નીતિશ સરકારને મોટો ઝટકો લાગ્યો છે. હાઈકોર્ટે રાજ્ય સરકારના તે નિર્ણયને રદ કર્યો છે, જેમાં જાતિ ગણતરી બાદ અનામત મર્યાદા ૫૦ ટકાથી વધારીને ૬૫ ટકા કરવાનો નિર્ણય લેવાયો હતો. પટના હાઈકોર્ટે અનામત મર્યાદા વધારવાના રાજ્ય સરકારના નિર્ણયને રદ કરી દીધો છે.

બિહાર સરકારે જાતિ ગણતરી પછી શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં એસસી એસટી ઈબીસી અને અન્ય પછાત વર્ગોને આપવામાં આવેલ ૬૫ ટકા



અનામતને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી અને રાજ્ય સરકારના આ નિર્ણયને રદ કરવાનો આદેશ પસાર કર્યો. આ મામલાની અરજીઓ પર ૧૧ માર્ચે સુનાવણી કરવામાં આવી હતી અને નિર્ણય સુરક્ષિત રાખવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસ કેવી ચંદ્રનની બેન્ચે લાંબી સુનાવણી હાથ ધરી હતી. રાજ્ય સરકાર વતી એડવોકેટ જનરલ પીકે શાહીએ દલીલો દરમિયાન કોર્ટને જણાવ્યું હતું કે રાજ્ય સરકારે આ વર્ગોના પૂરતા પ્રતિનિધિત્વના અભાવે આ અનામત આપી છે. અરજીઓમાં રાજ્ય સરકાર દ્વારા ૯ નવેમ્બર, ૨૦૨૩ના રોજ પસાર કરાયેલા કાયદાને પડકારવામાં આવ્યો હતો. આ કાયદા હેઠળ, એસસી એસટી ઈબીસી અને અન્ય પછાત વર્ગોને ૬૫ ટકા અનામત આપવામાં આવી હતી, જ્યારે સરકારી સેવામાં સામાન્ય વર્ગના ઉમેદવારો માટે માત્ર ૩૫ ટકા જ જગ્યાઓ આપી શકાતી હતી. એડવોકેટ દિનુ કુમારે અગાઉની સુનાવણીમાં કોર્ટને કહ્યું હતું કે સામાન્ય શ્રેણીમાં EWS માટે ૧૦ ટકા આરક્ષણ રદ કરવું એ ભારતીય બંધારણની કલમ ૧૪ અને કલમ ૧૫(૬)ની વિરુદ્ધ છે.

# કટ્ટરપંથી ખાલિસ્તાની સમર્થક અને સાંસદ અમૃતપાલની સજા વધુ ૧ વર્ષ લંબાવાઈ

ડિબ્રુગઢ,તા.૨૦

લોકસભા ૨૦૨૪ ની ચૂંટણીના પરિણામમાં સૌથી વધુ ચર્ચાસ્પદ બાબતમાંથી એક કોઈ રહી હોય તો તે એ હતી કે, ખાલીસ્તાની સમર્થક અને કટ્ટરપંથી શીખ ઉપદેશક અમૃતપાલ સિંહે પંજાબની એક બેઠક ઉપરથી જીત મેળવી હતી. અહી મહત્વની વાત આએ છે કે તેમણે આ જીત જેલમાં બંધ રહીને મેળવી હતી. હવે અમૃતપાલ સિંહને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. આસામની ડિબ્રુગઢ જેલમાં બંધ અમૃતપાલ સિંહની કસ્ટડી એક



વર્ષ માટે લંબાવવામાં આવી છે. જેલમાં રહીને લોકસભાની ચૂંટણીમાં પંજાબની ખદુર સાહિબ બેઠક ઉપરથી ૧૯૭૧૨૦ મતથી વિજય મેળવ્યો હતો. અમૃતપાલે કોંગ્રેસના ઉમેદવાર કુલબીર સિંહ ઝીરાને ૧,૯૭,૧૨૦ મતથી હરાવ્યા હતા. હવે અમૃતપાલ સિંહની કસ્ટડીનો સમયગાળો આજે એક વર્ષ લંબાવવામાં આવ્યો છે. 'વારિસ પંજાબ દે'ના વડા અમૃતપાલ સિંહ અને તેના ત્રણ સહયોગીઓની કસ્ટડીનો સમયગાળો ૨૪ જુલાઈએ પૂરો થવાનો હતો.

# કેન્દ્ર સરકાર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમી રહી છે : રાહુલ ગાંધી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦

મેડિકલ પરીક્ષા નીટને લઈને હાલ સમગ્ર દેશમાં હોબાળો ચાલી રહ્યો છે. પરીક્ષાનું પેપર લીક થયાના સમાચાર બાદ હાલમાં અનેક રાજકીય પક્ષો અને વિદ્યાર્થી સંગઠનો વિરોધ કરી રહ્યા છે. બીજી તરફ એનટીએએ તાજેતરમાં યોજાયેલી યુજીસી નીટ પરીક્ષા રદ કરી છે. આ બધા હોબાળા વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ ગુરુવારે નીટ પેપર લીકને લઈને પ્રેસ કોન્ફરન્સ કરી અને કેન્દ્ર સરકાર પર જોરદાર પ્રહારો કર્યા. રાહુલ ગાંધીએ કહ્યું છે કે સરકાર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમી રહી છે. નીટ અને યુજીસી નીટ પરીક્ષા રદ કરવા પર થયેલા હોબાળા પર કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું છે કે વડાપ્રધાન મોદી પેપર લીક અટકાવવામાં સક્ષમ નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે ભારતમાં પેપર લીક થવાનું બંધ થવું જોઈએ. રાહુલ ગાંધીએ કહ્યું કે પેપર લીકના દોષિતોને શોધીને તેમની સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

જ્યારે રાહુલને પૂછવામાં આવ્યું કે શું રાહુલ સંસદમાં પરીક્ષા રદ કરવાનો મુદ્દો ઉઠાવશે, તો રાહુલ ગાંધીએ કહ્યું કે હા, અમે આ મુદ્દો સંસદમાં ઉઠાવીશું. રાહુલ ગાંધીએ કહ્યું કે સંસ્થાઓમાં વિચારધારાના આધારે નિમણૂકો થઈ રહી છે. જેના કારણે આ સમસ્યાઓ સામે આવી રહી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે



## આ સરકારે શિક્ષણ અને ભરતીની સમગ્ર વ્યવસ્થાને બરબાદ કરી દીધી છે : કોંગ્રેસ પ્રમુખ ખડગે

સરકારે નોટબંધી અને અર્થવ્યવસ્થા સાથે જે કર્યું તે હવે શિક્ષણ પ્રણાલી સાથે કરી રહી છે. જેના કારણે લોકો પરેશાન છે. એક સ્વતંત્ર, ઉદ્દેશ્યલક્ષી શિક્ષણ પ્રણાલીને તોડી પાડવામાં આવી છે. તેમને ન્યાયના કઠેરામાં લાવવામાં આવે અને સજા કરવામાં આવે. કોંગ્રેસે પરીક્ષા રદ કર્યા પછી કેન્દ્ર સરકારની ટીકા કરી, આરોપ લગાવ્યો કે મોદી સરકાર "લીક અને છેતરપિંડી" વિના કોઈપણ પરીક્ષા યોજી શકે નહીં. પાર્ટીના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દાવો કર્યો કે આ સરકારે શિક્ષણ અને ભરતીની સમગ્ર વ્યવસ્થાને બરબાદ કરી દીધી છે.

ઉત્તર ભારતમાં હજુ પણ કાળઝાળ ગરમીથી લોકો ત્રસ્ત

# દિલ્હીમાં ગરમીનો હાહાકાર : ૯ દિવસમાં ફૂટપાથ રહેતા ૧૯૨ લોકોના થયા મોત

નવીદિલ્હી,તા.૨૦

દેશભરમાં કાળઝાળ ગરમીથી લોકો ત્રસ્ત છે. દિલ્હીની હાલત પણ ખરાબ છે. અહીં તાપમાન ૪૭ ડિગ્રીએ પહોંચી ગયું છે. હીટસ્ટ્રોકના કારણે લોકો બીમાર અને મૃત્યુ પામ્યા હોવાના સતત અહેવાલો મળી રહ્યા છે. જે લોકો બેઘર છે અથવા ફૂટપાથ પર રાત વિતાવે છે તેમના માટે તો સ્થિતિ વધુ મુશ્કેલ છે. એક અહેવાલ અનુસાર, ૧૧ થી ૧૯ જૂન ૨૦૨૪ વચ્ચે દિલ્હીમાં ભીષણ લૂને કારણે



૧૯૨ બેઘર લોકોના મોત થયા છે.

લૂને કારણે ઘરવિહોણા લોકોની સમસ્યાઓમાં ધરખમ વધારો થાય છે. તેમને પ્રાથમિક સુવિધાઓનો લાભ મળતો નથી. જેમ કે, ગરમીથી બચવા માટે આરોગ્ય સુવિધા, કુલર, એસી, પંખા. આ કારણે ઘરવિહોણા લોકોને ગરમીથી સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓ જેમ કે થાક, હીટસ્ટ્રોક અને ડિહાઈડ્રેશનનો સામનો કરવો પડે છે. તેમને આશ્રય આપવા માટે બનાવવામાં આવેલા આશ્રયસ્થાનો ઘણીવાર ક્ષમતા અને સુવિધાઓની દ્રષ્ટિએ ઓછા પડે છે. જેના કારણે હવામાનમાં થતા ફેરફારો તેમને સૌથી વધુ અસર કરે છે. ભારે ગરમી અને ઠંડીમાં સ્થિતિ વધુ ખરાબ થઈ જાય છે.

બ્રિટીશ જહાજ પર મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો હતો

# લાલ સમુદ્રમાં હુથી આતંકવાદીઓને કારણે વધુ એક જહાજની જળસમાધિ

ગાઝા.તા.૨૦

હુથી આતંકવાદીઓ દ્વારા લાલ સમુદ્રમાં વધુ એક જહાજ ડૂબી ગયું હતું. આ પહેલા ૨ માર્ચે હુથીના હુમલામાં બ્રિટિશ જહાજ રૂબીમાર ડૂબી ગયું હતું. ૧૨ જૂને લાઈબેરિયન ધ્વજ ધરાવતા ગ્રીક જહાજ ટ્યૂટર પર બે વાર હુમલો કરવામાં આવ્યો હતો. તે કોલસો લઈ જતું હતું. પ્રથમ, રિમોટ-કંટ્રોલ્ડ વિસ્ફોટકોથી વહાણની સામે વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. બાદમાં જહાજ પર



મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો હતો. આમાં જહાજ પર હાજર એક ક્રૂ મેમ્બરનું મોત થયું હતું. બ્રિટિશ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (યુકેએમટીઓ) એ જણાવ્યું હતું કે આ હુમલો બંદર શહેરથી લગભગ ૬૬ નોટિકલ માઈલ દક્ષિણ-પશ્ચિમમાં થયો હતો. જો કે આ અંગે ટ્યુટર મેનેજર દ્વારા કોઈ માહિતી આપવામાં આવી નથી.

હુતીઓ ગયા વર્ષે નવેમ્બરથી લાલ સમુદ્રમાંથી પસાર થતા વેપારી જહાજોને નિશાન બનાવી રહ્યા છે. આ હુમલાઓને ગાઝા પરના હુમલાના વિરોધમાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી તરીકે વર્ણવે છે. લાલ સમુદ્રમાં હુથી આતંકવાદીઓ દ્વારા હુમલાઓ વધી રહ્યા છે.

# રશિયા-ઉત્તર કોરિયા વચ્ચે થયો કરાર : એક દેશ પર હુમલો થશે તો બીજો દેશ સૈન્ય મદદ કરશે

પ્યોંગયાંગ, તા.૨૦

વિશ્વ પહેલેથી જ તણાવના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. હવે એવા સમાચાર સામે આવ્યા છે, જેનાથી સંઘર્ષનો ભય વધુ વધી ગયો છે. વાસ્તવમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ઉત્તર કોરિયાના પ્રવાસ દરમિયાન કિમ જોંગ ઉન સાથે ઐતિહાસિક સમજૂતી કરી છે. આ કરાર હેઠળ બંને દેશો યુદ્ધની સ્થિતિમાં એકબીજાને તાત્કાલિક સૈન્ય મદદ કરશે. ઉત્તર કોરિયાના સરકારી મીડિયાએ આ સમજૂતીની પુષ્ટિ કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઉત્તર



કોરિયાની રાજધાની પ્યોંગયાંગમાં આયોજિત સમિટમાં બંને દેશો વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

બંને દેશો વચ્ચેના કરારની કલમ ૪ એવી જોગવાઈ કરે છે કે જો એક દેશ પર હુમલો થાય અથવા યુદ્ધની સ્થિતિમાં હોય, તો બીજો દેશ તરત જ સૈન્ય અને અન્ય મદદ પૂરી પાડશે. શીતયુદ્ધના અંત પછી રશિયા અને ઉત્તર કોરિયા વચ્ચે થયેલો આ સૌથી મહત્વપૂર્ણ કરાર છે. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ઉત્તર કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉને સમજૂતીને બંને દેશો વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર પરિવર્તન તરીકે વર્ણવ્યું હતું, જેમાં સુરક્ષા, વેપાર, રોકાણ, સંસ્કૃતિ અને માનવતાવાદી સહાય જેવા પાસાઓને આવરી લેવામાં આવશે. રશિયા અને ઉત્તર કોરિયા વચ્ચેનો આ કરાર એવા સમયે થયો છે જ્યારે અમેરિકા અને તેના સહયોગી દેશોએ યુક્રેન યુદ્ધમાં ઉત્તર કોરિયા દ્વારા રશિયાને હથિયાર અને દારૂગોળો પૂરો પાડવા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

# મુંબઈમાં વરસાદનું ધમાકેદાર આગમન, પાલઘરમાં બ્રિજ ડૂબ્યો

મુંબઈ,તા.૨૦

મહારાષ્ટ્રમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે, જ્યાં મેઘરાજા ધમાકેદાર વરસ્યા છે, હવે ચોમાસાએ ફરી એકવાર જોર પકડ્યું છે. જેના કારણે મહારાષ્ટ્રના અનેક શહેરોમાં વરસાદ શરૂ થયો છે. જ્યાં પાલઘરમાં ભારે વરસાદના કારણે દેહરજે નદી પર બનેલો પુલ પાણીમાં ડૂબી ગયો છે. વરસાદને પગલે વાતાવરણ ઠંડુ થતા મુંબઈવાસીઓને રાહત મળી છે. વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જેના પગલે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.



આ ઉપરાંત બોરીવલી, દહિસર, બાંદ્રામાં પણ મુશળધાર વરસાદ વરસ્યો છે. તેમજ બોરીવલી, મલાડ, કાંદિવલી, ગોરેગાંવ વિસ્તારમાં પણ મેઘ મહેર થઈ છે. અનેક વિસ્તારોમાં વરસાદને પગલે ગોઠણસમાં પાણી ભરાઈ ગયા હતા. મુંબઈમાં મેઘસવારીના કારણે બોરીવલી સીટીએનમાં પણ પાણી ભરાયા હતાં.

બ્રિટનની ફેનવ્યુ કંપની વર્લ્ડ એઆઇ ક્રિએટર એવોર્ડ્સના સહયોગથી આ સ્પર્ધાનું આયોજન કરી રહી છે

# ભારતની સુંદરી ઝરા શતાવરી દુનિયાની પહેલી એઆઈ બ્યુટી સ્પર્ધામાં ભાગ લેશે

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૦

ઝરા શતાવરી એક એઆઈ જનરેટેડ મોડલ છે, જે સોશિયલ મીડિયા પર ખૂબ જ ચર્ચામાં છે. હકીકતમાં વિશ્વની પહેલી AI મૉડલ્સની સૌંદર્ય સ્પર્ધા થઈ રહી છે. આ સ્પર્ધા બ્રિટનની ફેનવ્યુ કંપની વર્લ્ડ એઆઈ ક્રિએટર એવોર્ડ્સના સહયોગથી આ સ્પર્ધાનું આયોજન કરી રહી છે. જેમાં ભારતનું AI મોડલ ટોપ-૧૦માં



સામેલ થયું છે. ફેનવ્યુ દ્વારા આયોજિત આ અભૂતપૂર્વ સ્પર્ધાએ સૌંદર્ય, ટેકનોલોજી અને સામાજિક પ્રભાવના મિશ્રણનું પ્રદર્શન કરીને વૈશ્વિક ધ્યાન ખેંચ્યું છે.

ઝરા શતાવરીને એક ભારતીય મોબાઈલ એડવર્ટાઈઝિંગ એજન્સીના સહ-સ્થાપક રાહુલ ચૌધરી દ્વારા તૈયાર કરવામાં આવી હતી અને તેમાં અદ્યતન ટેકનોલોજી અને સાંસ્કૃતિક પ્રામાણિકતાનું મિશ્રણ કરવામાં આવ્યું છે. ઝરા સ્વાસ્થ્ય અને ફિટનેસ પ્રભાવક છે. તેનું એક સોશિયલ મીડિયા પેજ પણ છે, જ્યાં તે સ્વાસ્થ્ય અને ફેશનને લગતી ટિપ્સ આપતી રહે છે. ઈન્સ્ટાગ્રામ પર તેના ૮ હજારથી વધુ ફોલોઅર્સ છે.

માહિતી અનુસાર કુલ રોકડ પુરસ્કાર ૨૦,૦૦૦ એટલે કે ભારતીય રુપિયા પ્રમાણે ૧૬ લાખ કરતાં વધુ છે. મિસ એઆઈ બનનારી મોડલને ૧૦.૮૪ લાખ રૂપિયા તેમજ તેને બનાવનાર ક્રિએટરને જનસંપર્ક માટે ૪.૧૭ લાખ રૂપિયા આપવામાં આવશે.

# સુપર ૮ની મેચમાં ભારતે અફઘાનિસ્તાનને જીતવા માટે ૧૮૨ રનનો ટાર્ગેટ આપ્યો

બાર્બાડોસ, તા.૨૦

ટી૨૦ વર્લ્ડ કપના સુપર-૮ સ્ટેજમાં આજે અફઘાનિસ્તાન અને ભારત વચ્ચે કેન્સિંગ્ટન ઓવલ, બ્રિજટાઉન, બાર્બાડોસમાં રમાઈ રહી છે. જેમાં ટીમ ઈન્ડિયાએ ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતની શરૂઆત કંઈ ખાસ રહી ન હતી અને રોહિત શર્મા માત્ર



૮ રનમાં અને વિરાટ કોહલી ૨૪ રનમાં પેવેલિયન પરત ફર્યા હતા. ત્યારબાદ શિવમ દૂબે ૧૦ અને રિષભ પંત ૨૦ રન બનાવીને આઉટ થયા હતા. જો કે સૂર્યકુમાર યાદવે આક્રમક બેટીંગ કરીને ૫૩ રન બનાવતા ભારતે ૧૮૧ રનનો સન્માનજનક સ્કોર બનાવ્યો હતો. તેની સાથે હાર્દિક પંડયાએ ૩૨ રન બનાવીને સાથ આપ્યો હતો. અફઘાન તરફથી રાશિદ ખાને ૩, ફઝલહક ફારૂકીએ પણ ૩ વિકેટ ઝડપી હતી જ્યારે નવીન ઉલ હકે એક વિકેટ ઝડપી હતી.

**ટીઆરપી ગેમઝોનમાં ભીષણ આગથી ૨૭ લોકોના મોત થયા હતા**

# એસઆઈટીએ કોની સૌથી મોટી જવાબદારી છે તેના ઉલ્લેખ સાથે રિપોર્ટ સરકારને આપ્યો

(એ.આર.એલ), ગાંધીનગર,તા.૨૦



રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં ગત તા. ૨૫ મેના રોજ લાગેલી ભીષણ આગ અને ૨૭ લોકોના મૃત્યુની ઘટના અંગે ઉચ્ચ કક્ષાએથી તપાસના દોર ચાલી રહ્યા છે ત્યારે બનાવ બાદ તુરંત રચાયેલી સ્પેશયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)નો અંતિમ રિપોર્ટ આજે સરકારને કમિટી સુપ્રત કરી દેવાની છે. તો આ બાદ બનાવવામાં આવેલી ત્રણ આઈએએસ ઓફિસરની હાઈપાવર કમિટી સરકારને ૩૦ જૂન સુધીમાં રિપોર્ટ સોંપનાર છે. સમગ્ર અગ્નિકાંડ માટે કોની સૌથી મોટી જવાબદારી છે તેનો ઉલ્લેખ આજના રિપોર્ટમાં થયો હોવાનું માનવામાં આવે છે. આ રિપોર્ટ હાઈકોર્ટમાં પણ રજૂ કરવાનો હોય, અહેવાલ બાદ વધુ કડાકાભડાકા થવાની શકયતા નકારાતી નથી. રાજકોટ ગેમઝોન-અગ્નિકાંડ પ્રકરણમાં સમગ્ર ઘટનાની તપાસ માટે સ્પેશયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરાઈ હતી. જેના પ્રાથમિક રિપોર્ટના આધારે રાજય સરકારે કેટલાક અધિકારીઓને સસ્પેન્ડ કર્યા હતા. રાજકોટ પોલીસ કમિશનર તથા મ્યુનિસિપલ કમિશનરની તાકીદે બદલીના હુકમો કર્યા હતા. હવે આ સીટનો અંતિમ સંપૂર્ણ રિપોર્ટ રાજય સરકારને સુપ્રત થશે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ યોગને જીવનનું અભિન્ન અંગ બનાવવા અનુરોધ કર્યો

ગાંધીનગર,તા.૨૦

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ યોગને જીવનનું અભિન્ન અંગ બનાવવા અનુરોધ કર્યો છે. દરરોજ નિયમિત રીતે અચૂક યોગ કરતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સૌને અપીલ કરતાં કહ્યું છે કે, યોગ માત્ર શારીરિક સ્વાસ્થ્ય જ નહીં, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યને પણ સંપુષ્ટ કરે છે. દરેકે દરરોજ યોગાસન અને પ્રાણાયામ કરવા જ જોઈએ.

આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર વિશ્વના લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરીને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને ૨૧ મી જૂને વિશ્વ યોગ દિવસ ઉજવવા અપીલ કરી અને દુનિયાને પ્રેરિત કરી. પરિણામ એ આવ્યું કે ૧૭૭ દેશોએ સર્વસંમતિથી આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો અને આજે ભારતના ઋષિ-મુનિઓની આ પ્રાચીન યોગવિદ્યા સમગ્ર વિશ્વમાં જન-જનનું કલ્યાણ કરી રહી છે. યોગ આધ્યાત્મિક સમૃદ્ધિ પ્રદાન કરે છે. ચિત્તની વૃત્તિઓના નિરોધનું નામ જ યોગ છે.

# કચ્છના ક્રીક વિસ્તારમાં ૧૫૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

(એ.આર.એલ),ભુજ,તા.૨૦

ગુજરાતના વિવિધ ઠેકાણેથી નશીલા પદાર્થનો જથ્થો પકડાવાનું બંધ થતું નથી. આવા જ બનાવમાં કચ્છના ક્રીક વિસ્તારમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાતા ચકચાર મચી છે. આ બનાવની વિગત મુજબ કચ્છના ક્રીક વિસ્તારમાં ડ્રગ્સની હેરાફેરી થતી હોવાથી બીએસએફના જવાનો સતત પેટ્રોલિંગ કરતા હોય છે. દરમિયાન જવાનોએ સર્ચ ઓપરેશન હાથ ધરતા તેમને અંદાજે ૧૫૦ કરોડ રૂપિયાની કિંમતનો ડ્રગ્સનો જથ્થો હાથ લાગ્યો હતો.

# જે મને નડ્યા છે તેમને હું નહી છોડું : સાંસદ રાજેશ ચુડાસમાની ચીમકી

જૂનાગઢ,તા.૨૦

જૂનાગઢ બેઠકના સાંસદ રાજેશ ચુડાસમાએ વિરોધીઓને ચિમકી આપતા કહ્યુ છે કે ૫ વર્ષ જે લોકો મને નડ્યા છે તેમને હું છોડવાનો નથી, પાર્ટી તેમની સામે કાર્યવાહી કરે કે ન કરે પરંતુ હું તેમને છોડવાનો નથી, પ્રાચી ખાતે ધારસભ્ય ભગવાન બારડ દ્વારા અભિવાદન કાર્યક્રમમાં રાજેશ ચુડાસમાએ વિરોધીઓ પર નિશાન સાધતા આ વાત કહી હતી. રાજેશ ચુડાસમાએ તેમના રાજનૈતિક વિરોધીઓ માટે જે ભાષાનો પ્રયોગ કર્યો છે તેને લઈને ચર્ચા ઉઠી છે કે એક જન પ્રતિનિધિને શું આ શોભે છે.

# વલસાડમાં ૧.૩૮ ઈંચ વરસાદ પડતા ચારે તરફ પાણી ભરાયા

(એ.આર.એલ),વલસાડ,તા.૨૦



વલસાડ શહેરમાં મોડી રાત્રે ધોધમાર વરસાદ ખાબકતાં ઠેર ઠેર પાણી ભરાયા. વલસાડમાં એક જ કલાકમાં ૧.૩૮ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જેના કારણે શહેરના એમ.જી. રોડ, ખત્રીવાડ, છીપવાડ, દાણી બજાર સહિતના વિસ્તારોમાં પાણી ભરાયાં. નગરપાલિકા દ્વારા પ્રિમોન્સૂન કામગીરી ન કરવાના કારણે થોડા જ વરસાદમાં શહેરમાં પાણી ભરાવાની સમસ્યા ઉત્પન્ન થઈ હતી. વલસાડના ગોરવાળા ગામે ભારે પવન સાથે વરસાદ આવતા વીજપોલ ધરાશાયી થયો હતો. વીજપોલ ધરાશાયી થતા સમગ્ર વિસ્તારમાં વીજપ્રવાહ બંધ થયો છે. વીજપોલના વીજ વાયરો રસ્તા ઉપર પડતા ગામમાં જવાનો માર્ગ અવરજવર માટે બંધ કરાયો છે. વલસાડમાં મોડી રાત્રે પડેલા ધોધમાર વરસાદના કારણે આ ઘટના બની હતી. વલસાડ શહેરમાં રાત્રિ દરમિયાન ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. શહેરમાં એક કલાકમાં ૧.૩૮ ઈંચ વરસાદ વરસતા શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાયા હતા. વલસાડ શહેરના એમ.જી.રોડ, ખત્રીવાડ, છીપવાડ, દાણાબજાર, સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ જતા વાહન ચાલકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.

**અકસ્માત એટલો ગંભીર હતો કે બંને કાર પલ્ટી ખાઈ ગઈ હતી**

# ગોંડલ-જસદણ હાઈવે પર ઘોઘાવદર નજીક ટ્રાઈબર-ઈનોવા વચ્ચે અકસ્માતઃ ૨ના મોત, ૫ ઘાયલ

જસદણ, તા.૨૦



ગોંડલ-જસદણ હાઈવે પર આવેલા ઘોઘાવદર ગામ નજીક આજે સવારે ટ્રાઈબર અને ઈનોવા કાર વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં ૨ લોકોના મોત થયા હતા, જ્યારે ૫ લોકો ઘાયલ થયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, ઈનોવા કાર જસદણથી કોડીનાર તરફ જઈ રહી હતી, ત્યારે ગોંડલ તરફથી આવતી ટ્રાઈબર કાર સાથે તેનો અકસ્માત થયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને કાર પલ્ટી ખાઈ ગઈ હતી. ઈનોવા કારમાં સવાર આરીફ હબીબ પરમાર (ચાલક) અને રેહાનાબેન અસરફભાઈ ખીમાણીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઈનોવા કારમાં સવાર અન્ય ત્રણ લોકો - નસરીનબેન અસ્લમભાઈ પરિયાણી (ઉંમર ૫૦), હાજી હુસેનભાઈ ખીમાણી (ઉંમર ૭૦), અને સેજાનભાઈ ખીમાણીને ઈજા થઈ હતી. ટ્રાઈબર કારમાં સવાર પરેશ જેન્તી ડાંગર (ઉંમર ૨૫) અને તેજસ રવજીભાઈ પાનસુરીયા (ઉંમર ૨૫)ને પણ ઈજા થઈ હતી. તમામ ઘાયલોને ૧૦૮ એમ્બ્યુલન્સ અને નગરપાલિકાની એમ્બ્યુલન્સ દ્વારા ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં શિવમ સાર્વજનિક ટ્રસ્ટના દિનેશભાઈ માધડ સહિતના સામાજિક કાર્યકરો પણ હોસ્પિટલ દોડી આવ્યા હતા.